# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૨૯/૧૨/૨૦૧૬


સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,

યુનિવર્સિટી કેમ્પસ,

યુનિવર્સિટી રોડ,

રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983
Re-Accredited Grade "A" by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ડિસેમ્બર માસની સામાન્ય સભા તા.૨૯/૧૨/૨૦૧૬ ને ગુરૂવારના રોજ બપોરના ૦૨:૦૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલઇ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ-કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. રમેશભાઈ ડી. વાઘાણી | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | શ્રી પ્રશાંતભાઈ બી. વ્હાવાલા | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | શ્રી નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | શ્રી પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૬. | ડૉ. વર્ષાબેન પી. છીછીયા | હાજર |
| ૧૭. | શ્રી અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૮. | ડૉ. મનીષ મહેતા | હાજર |
| ૧૯. | શ્રી જે. પી. જેસ્વાની | હાજર |
| ૨૦. | ડૉ. અમિતભાઈ આર. હપાણી | હાજર |

૧
સિન્ડિકેટ

સિન્ડિકેટની તા.03/૧૦/૨૦૧૬ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.03/૧૦/૨૦૧૬ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૮/૧૦/૨૦૧૬ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૮/૧૦/૨૦૧૬ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.

3 પરીક્ષા-૨ — યુનિવર્સિટીનાં ઓર્ડીનન્સ-૧૬૧ ડી હેઠળ રચાયેલ એક્ઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટિની તા.૨૦/૦૯/૨૦૧૬ની સભામાં થયેલ ભલામણ ઉપર વિચારણા કરી મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એક્ઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટિની તા.૨૦/૦૯/૨૦૧૬ની સભામાં થયેલ ભલામણ મંજૂર કરવી.

(નોંધ : એક્ઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટિની તા.૨૦/૦૯/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)

૪ બાંધકામ — એસ્ટેટ કમિટિની તા.૧૩/૦૮/૨૦૧૬ને શનિવારનાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૩/૦૮/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૧૩/૦૮/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)

૫ બાંધકામ — એસ્ટેટ કમિટિની તા.૧૦/૦૯/૨૦૧૬ને શનિવારનાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૦/૦૯/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૧૦/૦૯/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦3" તરીકે આ સાથે સામેલ છે.)

૬ ફાઈનાન્સ કમિટિની તા.૦૯/૦૮/૨૦૧૬ને મંગળવારનાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર

હિસાબ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટિની તા.૦૯/૦૮/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૦૯/૦૮/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૭ સરકારશ્રીનાં નાણા વિભાગનાં તા.૧૨/૦૭/૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૧૦૧૬/

મહેકમ-બ યુ.ઓ.૭૮૬/ઝ.૧નાં ઠરાવ મુજબ ફિક્સ પગારી કર્મચારીઓ માટે પિતૃત્વ રજાનો લાભ આપવા તથા નાણા વિભાગનાં તા.૧૨/૦૭/૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨)/ઝ.૧નાં ઠરાવ મુજબ ખાસ રજાની જોગવાઈઓમાં સુધારો સ્પષ્ટતા કરવામાં આવેલ છે તેનો અમલ કર્યા અંગેની જાણ થવા બાબત.

નોંધ : (૧) સરકારશ્રીનાં નાણા વિભાગનાં તા.૧૨/૦૭/૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક : ખરચ/ ૨૦૧૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ.૧નાં ઠરાવથી વર્ગ-3 અને વર્ગ-૪નાં તમામ સંવર્ગ પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંક પામેલ પુરૂષ કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો,૨૦૦૨ નાં નિયમ-૭૦ની જોગવાઈ મુજબ પિતૃત્વની રજાનો લાભ આપવામાં આવે છે.

(૨) સરકારશ્રીનાં નાણા વિભાગનાં તા.૧૨/૦૭/૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક : ખરચ/ ૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨)/ઝ.૧નાં ઠરાવથી વર્ગ-3 અને વર્ગ-૪નાં તમામ સંવર્ગ પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓને મળવાપાત્ર ખાસ રજાની જોગવાઈઓમાં સુધારો/સ્પષ્ટતા કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

(૧) ફિક્સ પગારનાં કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીનાં હેતુ માટેની રજાઓ, પૂરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ મેડિકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે.

(૨) સંબંધીત વહીવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજુર કરી શકશે.

(3) આ રજાઓ એકઠી (accumulate) થઈ શકશે.

(૩) સરકારશ્રી દ્વારા વખતો વખતના ઠરાવોની જોગવાઈઓનો યુનિવર્સિટીના કર્મચારીઓ માટે અમલ કરવા સિન્ડિકેટ દ્વારા મંજૂરી આપવામાં આવે છે.

(૪) યુનિવર્સિટીનાં કર્મચારીઓનાં કિસ્સામાં વખતો વખત માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રી દ્વારા રજાઓ મંજૂર કરવામાં આવે છે તે ચાલુ રાખીએ.

(૫) ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

**(નોંધ : સરકારશ્રીનાં નાણા વિભાગનાં તા.૧૨/૦૭/૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક : ખરચ/ ૨૦૧૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ.૧નાં ઠરાવ તથા સરકારશ્રીનાં નાણા વિભાગનાં તા.૧૨/૦૭/૨૦૧૬નાં ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨)/ઝ.૧ નો ઠરાવ પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૮ મહેકમ-અ રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઈન્ટરવ્યુ" દ્વારા એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસર ૧૧ માસ માટે ₹૨૫,૦૦૦/- ફિક્સ વેતનથી નિમણૂક કરવા માટે મળેલી વરણી સમિતિની તા.૧૧/૦૮/૨૦૧૬ની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ નિમણૂક આદેશ આપ્યા અંગેના માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | જગ્યા | પગારધોરણ |
|---|---|---|---|
| ૧ | ફાલ્ગુની ડી.કારીયા | આસીસ્ટન્ટ પ્રોફેસર | ₹૨૫,૦૦૦/- ફિક્સ |

**(નોંધ :** રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં એડહોક આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે તા.૨૮/૦૭/૨૦૧૬નાં રોજ "વોક ઇન ઈન્ટરવ્યુ" માટે જાહેરાત આપવામાં આવેલ હતી, આ અંગેની વરણી સમિતિની તા.૧૧/૦૮/૨૦૧૬ની બેઠકમાં આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા કરારના ધોરણે ૧૧ માસ માટે ₹૨૫,૦૦૦/- ફિક્સ વેતનથી ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીના આદેશ મુજબ નિમણૂક પત્ર રવાના કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૯ પરીક્ષા-૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જે તે વિદ્યાર્થીઓને જે તે પરીક્ષાના પદવી પ્રમાણપત્રો તથા પ્રોવિઝનલ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલમાં ખરાઈ માટે એક નકલના ફક્ત ₹૧૦=૦૦ ફી લેવામાં આવે છે. તેથી વારંવાર એક જ પદવીની ઝેરોક્ષ નકલનું વેરીફીકેશન કરાવવા માટે આવે છે. તેથી કામગીરીનું પ્રમાણ ઘણું વધી જાય છે અને અમુક જુનું રેકર્ડ શોધવામાં ઘણો સમય લાગે છે.

આવા સંજોગોમાં સદરહું પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ-૧ માં ખરાઈના ₹૧૦=૦૦ બદલે જો ₹૫૦=૦૦ (₹૧૦=૦૦+₹૪૦=૦૦) નો ફી વધારો કરવા જરૂરી નિર્ણય કરવા બાબતે.

**આથી ઠરાવવામાં આવે છે કે, પદવી પ્રમાણપત્રો તથા પ્રોવિઝનલ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ-૧ માં ખરાઈના ₹૧૦=૦૦નાં બદલે ₹૫૦=૦૦ (₹૧૦=૦૦+₹૪૦=૦૦) નો ફી વધારો કરવો.**

૧૦ પરીક્ષા-૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સંલગ્ન કોલેજના તથા એક્સટર્નલ પરીક્ષાના વિદ્યાર્થીઓ ડીગ્રી/ડીપ્લોમાં ને લાયક હોય તેવા વિદ્યાર્થીઓ પ્રોવિઝનલ પ્રમાણપત્ર મેળવવા online ફોર્મ તથા ફી ભર્યા બાદ સદરહુ વિદ્યાર્થીએ યુનિવર્સિટીએ રૂબરૂ આવવાનું રહેતું નથી અને સદરહુ વિદ્યાર્થીનું પ્રોવિઝનલ પ્રમાણપત્ર વિદ્યાર્થીએ આપેલ સરનામે સાદી પોસ્ટમાં મોકલી આપવામાં આવે છે. પરંતુ ઘણાં વિદ્યાર્થીઓની ફરીયાદ છે કે અમને પ્રમાણપત્ર મળતુ નથી. તેથી તા.૩૦/૦૭/૨૦૧૬ની નોંધ બિડાણમાં છે. તે મુજબ અગત્યના પ્રમાણપત્ર રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવા અંગે પ્રોવિઝનલ ફી ₹૧૦૦=૦૦+₹૫૦=૦૦ પોસ્ટેજ ખર્ચના સાથે કુલ ₹૧૫૦=૦૦ પ્રોવિઝનલ ફી વસુલ કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબતે.

**આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોવિઝનલ પ્રમાણપત્ર રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવા અંગે પ્રોવિઝનલ ફી ₹૧૦૦=૦૦+₹૫૦=૦૦ પોસ્ટેજ ખર્ચના સાથે કુલ ₹૧૫૦=૦૦ પ્રોવિઝનલ ફી વસુલ કરવી.**

**(નોંધ : પરીક્ષા-૫ ની તા.૩૦/૦૭/૨૦૧૬ અને તા.૦૪/૦૮/૨૦૧૬ની નોંધની નકલ પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૧ પી.જી.ટી.આર બી.યુ.ટી.ની તા.૧૦-૦૩-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક-૧૦૩ તથા સિન્ડીકેટની તા.૧૫/૦૩/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક-૨૫ અન્વયે નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ હતો. તે પરત્વે વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું બાબતે રચવામાં આવેલી કમીટી દ્વારા કરવામાં આવેલી ભલામણ (ઉપયુક્ત સંદર્ભ-૫) મંજુર કરવા સિન્ડીકેટ ને ભલામણ કરવી.

આથી વધુ ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન સહિતની તમામ વિધાશાખા અંતર્ગત આવતા યુનિવર્સીટી સચાલિત અનુસ્નાતક કેન્દ્રો ને પણ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી એક્ટ ની કલમ-૩૬ અન્વયે માન્ય સંસ્થા તરીકે માન્યતા આપવા માટે સિન્ડીકેટ ને ભલામણ કરવી.

આથી વધુ ઠરાવવામાં આવે છે કે, આવી માન્ય સંસ્થાઓ માટેની અરજીફી, માન્યતા ફી, શિક્ષણ ફી વગેરે બાબતો માટે જે-તે વિધાશાખાના અદ્દયક્ષશ્રી અને એક વિષય નિષ્ણાંત ની સમિતિના રચના કરવા માટે માન.કુલપતિશ્રીને સતા આપવી તથા આ સમિતિનો અહેવાલ સિધો સિન્ડીકેટ સભાની વિચારણા અર્થે રજુ કરવો.

૨. પી.જી.ટી.આર. વિભાગ ની તા.૨૨-૩-૨૦૧૬ ની નોધ માં વિધાશાખા ના ડીનશ્રી અને એક વિષય નિષ્ણાંતની સમિતિના રચના કરવામાં આવેલ હતી. જે સભ્યોના નામ નીચે મુજબ છે.

| ક્રમ | વિધાશાખા | અદ્દયક્ષશ્રી | એક વિષય નિષ્ણાંત |
|---|---|---|---|
| ૧. | વિજ્ઞાન વિદ્યાશાખા | ડો.જી.સી.ભીમાણી | ડો.મેહુલ રૂપાણી |
| ૨. | વાણિજ્ય વિદ્યાશાખા | ડો.કે.આર.પરમાર | ડો.વિજય કે.પટેલ |
| ૩. | વિનયન વિદ્યાશાખા | ડો.એસ.જે. ઝાલા | ડો.રમેશ વાધાણી |
| ૪. | આર્કીટેક્ચર વિદ્યાશાખા | ડો.હિતેષકુમાર ચાંગેલા | ડો. રાહુલ મહેતા |
| ૫. | ગ્રામ વિદ્યાશાખા | ડો.એન.એમ. ઝાટકિયા | ડો. આઈ. જી. પુરોહિત |
| ૬. | કાયદા વિદ્યાશાખા | ડો.બી.જી. મણીયાર | ડો.મયુરસિહ જાડેજા |

૩. પી.જી.ટી.આર. વિભાગ ના પત્ર નં. ૧૧૫૭/૨૦૧૬ તા.૦૪-૦૪-૨૦૧૬ થી સભ્યોશ્રીઓં ને પત્ર પાઠવવામાં આવેલ.

૪. તા.૦૪-૦૭-૨૦૧૬ ના રોજ સોમવાર બપોરે ૧: ૦૦ કલાકે સિન્ડીકેટ હોલ ખાતે મિટીગ રાખવામાં આવેલ હતી.

૫. મિટીગ માં કમીટીના સભ્યો એ નીચે મુજબ ભલામણ કરેલ છે.

એમ.એ., એમ.કોમ., એમ.એસસી.(સાયન્સ ફેકલ્ટી), એમ.આર.એસ., કોષ નું સંસ્થા તરીકેનું ફી નું માળખું.

૧. એમ.એ., એમ.આર.એસ., એમ.કોમ., એમ.એસસી.(સાયન્સ ફેકલ્ટી), M.P.A., M. Sc. (Home Sci.), M.A. (Home Sci.), M.J.M.C. ના કોષની માન્યતા ફી ₹૫૦,૦૦૦/- તથા રીન્યુઅલ ફી ₹૨૫.૦૦૦/- રાખવી.

૨. ઉપરોક્ત ક્રમ નં.-૧નું માળખું જુન ૨૦૧૬ થી લાગુ પાડવું.

૬. ઉપરોક્ત ક્રમ ૫ ની ભલામણ મંજુર કરવા અંગે વિચારણા અથે.

**આથી ઠરાવવામાં આવે છે કે, કમિટિની ઉપરોક્ત દર્શાવ્યનુસારની ભલામણ મંજૂર કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે)**

૧૨ પરીક્ષા-૨ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવતી જુદી-જુદી પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોનું દૈનિક વિતરણ તથા પરીક્ષાઓ પૂર્ણ થયે દરરોજ ઉત્તરવહીઓ પરત લાવવાની કામગીરી જે તે જીલ્લા શહેરોની કોલેજ મારફત કરવામાં આવે છે, અને આ કામગીરી માટે તેમને મહેકમ તથા મહેનતાણાનાં દરો નિયત કરવામાં આવેલ છે.

સને ૨૦૧૬નાં બીજા છ માસ અને ત્યાર બાદ લેવાના પરીક્ષાઓના પ્રશ્નપત્ર વિતરણની કામગીરી જીલ્લા વાઈસ જેમને સોપવામાં આવેલ છે તે કોલેજના આચાર્યશ્રી / કૉ-ઓર્ડીનેટરશ્રી દ્વારા તેમના મહેનતાણામાં વધારો કરવા માટે તા. ૦૯.૦૯.૨૦૧૬ની સભામાં ભલામણ કરવામાં આવેલ છે.

હાલનાં મહેનતાણાનાં દરો અને વધારા માટે ભલામણ કરવામાં આવેલ મહેનતાણાનાં દરો નીચે પ્રમાણે છે.

| ક્રમ | મંજુર થયેલ મહેકમ | હાલના દર સીઝન દરમ્યાન ઉચ્ચક ધોરણે | નવા દર માટેની સીઝન દરમ્યાન ઉચ્ચક ધોરણે |
|---|---|---|---|
| ૧. | નિયામક / કો.-ઓર્ડીનેટર | ₹૮,૦૦૦/- | ₹૧૨,૦૦૦/- |
| ૨. | જુનિયર સુપરવાઈઝર | ₹૬,૦૦૦/- | ₹૮,૦૦૦/- |
| ૩. | પટ્ટાવાળા | ₹૩,૦૦૦/- | ₹૫,૦૦૦/- |
| ૪. | રાત્રીના ચોકીદાર | ₹૩,૦૦૦/- | ₹૭,૦૦૦/- |

ઉપરોક્ત ભલામણ થયેલ નવા મહેનતાણાનાં દરો ઉપર વિચારણા કરી મંજુર કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે, પ્રમાણપત્ર વિતરણની જીલ્લા વાઈસ કામગીરી માટેના મહેનતાણાનાં દર નીચે મુજબ સુધારા સાથે મંજૂર કરવા.**

| ક્રમ | મંજુર થયેલ મહેકમ | હાલના દર સીઝન દરમ્યાન ઉચ્ચક ધોરણે | નવા દર માટેની સીઝન દરમ્યાન ઉચ્ચક ધોરણે |
|---|---|---|---|
| ૧. | નિયામક / કો.-ઓર્ડીનેટર | ₹૮,000/- | ₹૧0,000/- |
| ૨. | જુનિયર સુપરવાઈઝર | ₹૬,000/- | ₹૮,000/- |
| ૩. | પટ્ટાવાળા | ₹૩,000/- | ₹૫,000/- |
| ૪. | રાત્રીના ચોકીદાર | ₹૩,000/- | ₹૬,000/- |

૧૩ જોડાણ

પટેલ ભાણજી ભીમજી ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.બી.ગાર્ડી બી.એડ.કોલેજ, ધ્રોલ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમ તરીકે એલએલ.બી. માટે કરેલ અરજી પરત્વે એકેડેમિક કાઉન્સિલ તા.૦૨/૦૭/૨૦૧૬ની સભાનાં ઠરાવ નં.૧૪૦ માં થયેલ ઠરાવ અનુસાર એલએલ.બી.નું નવું જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૬ થી તા.૧૪/૦૬/૨૦૧૭ સુધી એક વર્ષનું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ. સિન્ડિકેટ તા.૧૫/૦૭/૨૦૧૬ની સભાનાં ઠરાવ નં. ૨૫(૧૪૦) મુજબ નવું જોડાણ આપવા કમિટિની રચના કરવામાં આવેલ અને કમિટિનાં અહેવાલ રજૂ થયે તે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ, કમિટિનાં અહેવાલની વિગતે કાઉન્સિલનો અભ્યાસક્રમ હોય આપવું તે મુજબ ભલામણ થયેલ પરંતુ તેમાં વર્ષનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

કોલેજ દ્વારા એલએલ.બી.નાં નવા જોડાણ માટેની અરજી વર્ષ ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવેલ, એલએલ.બી. માટે કોલેજે રાજ્ય સરકારમાંથી એન.ઓ.સી. મેળવી કાઉન્સિલમાં રજૂ કરવાનું રહેતું હોય છે. સિન્ડિકેટ દ્વારા કાઉન્સિલનો અભ્યાસક્રમ હોય આપવું તેમ દર્શાવેલ છે પરંતુ વર્ષનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમજ વર્ષ ૨૦૧૬-૧૭ માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જેથી કોલેજનાં તા.૧૦/૧૦/૨૦૧૬ નાં પત્રની વિનંતી અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮ માટે એલએલ.બી. નાં નવા અભ્યાસક્રમનું જોડાણ મંજૂર કરવા અને તેના માટે એન.ઓ.સી. આપવા અર્થે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહું કોલેજનું ઉપર્યુક્ત વિગતનું નવું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ નાં બદલે ૨૦૧૭-૧૮ માં મંજૂર કરવા માટે માન.રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજનું જોડાણ જે વર્ષમાં મંજૂર થયેલ હોય તે વર્ષ પછીના વર્ષમાં કોલેજ જોડાણ તબદીલ કરવા ઈચ્છતી હોય તો પ્રોસેસિંગ ફી રૂ.૫૦,૦૦૦/- ભરવાની રહેશે અને વધુમાં વધુ એક વર્ષ જોડાણ તબદીલ કરી શકાશે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહું બાબતનો ઓર્ડીનન્સ ૧૪૪ માં સમાવેશ કરવો.

(નોંધ : કોલેજનો તા.૧૦/૧૦/૨૦૧૬ નો પત્ર પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)

૧૪ શા. શિ.

સને ૨૦૧૬-૧૭ નાં વર્ષ માં યુવક મહોત્સવ માં જુદી જુદી સ્પર્ધા માં રોકડ પુરસ્કાર ની રકમ માં યુનિવર્સીટી નાં ૫૦ માં વર્ષ સુવર્ણ જયંતિ નાં ભાગ રૂપે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ને આપતા રોકડ પુરસ્કાર ની રકમ માં માન. કુલપતિ એ કરેલ વધારા ની રકમ ને બહાલી આપવા બાબત.

સને ૨૦૧૬-૧૭ નાં વર્ષ માં યુવક મહોત્સવ માં જુદી જુદી સ્પર્ધા ઓં માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવતા વિધાર્થી (ભાઈઓં -બેહનો) અને કોલેજ ટીમને અનુક્રમે રૂપિયા. ૨૫૦૦, ૧૫૦૦,અને ૧૦૦૦ રોકડ પુરસ્કાર આપવા માટે તારીખ. ૨૪/૦૭/૨૦૧૪ સિન્ડીકેટ ઠરાવ ન.૧૨ થી મંજુર કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી નાં ૫૦ માં વર્ષ સુવર્ણ જયંતિ નાં ભાગ રૂપે માન. કુલપતિ શ્રી એ યુવક મહોત્સવ માં જુદી જુદી સ્પર્ધા ઓં નાં વિધાર્થી (ભાઈઓં -બેહનો) અને કોલેજો ને અનુક્રમે રૂપિયા, ૫૦૦૦, ૩૦૦૦, અને રૂપિયા ૨૦૦૦ આપવાની જાહેરાત કરેલ છે. તેને બહાલી આપવા બાબત આ રોકડ પુરસ્કાર નો અંદાજીત ખર્ચ રૂપિયા ૩,૨૦૦૦૦/- જેવો થશે

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૫ જોડાણ

શ્રી ધડુક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ થી બાલાજી લો કોલેજ, ગોમટા ખાતે શરૂ કરવા અરજી પરત્વે સિન્ડીકેટ તા.૧૦-૧૨-૧૫ ની સભાના ઠરાવ ન. ૮ (૨૫૩) થી વર્ષ ૨૦૧૬-૧૭ નું નવું જોડાણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાની મંજૂરીની અપેક્ષા એ આપવામાં આવેલ જે અન્વયે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા તા.૦૯/૦૮/૧૬ નાં પત્રથી એલ. એલ. બી. ત્રણ વર્ષ નાં અભ્યાસ ક્રમ ની મંજુરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ થી આપવામાં આવેલ.

ટ્રસ્ટ દ્વારા અગાઉ બાલાજી કોલેજ ઓફ નર્સિંગ, ગોમટા ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ થી શરૂ કરવા માટે કરવામાં આવેલ અરજી પરત્વે સિન્ડીકેટ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ થી પ્રથમ વર્ષ બી. એસ. સી. નર્સિંગ નું જોડાણ આપવા ઠરાવ થયેલ.

ટ્રસ્ટને નર્સિંગ કાઉન્સિલ દ્વારા પ્રથમ વર્ષ બી.એસસી. નર્સિંગની મંજૂરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ થી આપવામાં આવેલ. ટ્રસ્ટ દ્વારા બી.એસસી. નર્સિંગ અને એલ. એલ. બી. નાં જોડાણ માટે અલગ -અલગ વર્ષ દરમ્યાન અરજી કરવામાં આવેલ જે પૈકી નર્સિંગની મંજુરી અન્વયે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવામાં આવેલ અને સૈદ્ધાતિક પૂર્વ મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવેલ જે રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી બહાર પાડવામાં આવેલ, ટ્રસ્ટને એલએલ.બી ની મંજુરી બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી આપતા એક જ શૈક્ષણિક વર્ષ માં અલગ અલગ કાઉન્સિલ દ્વારા મંજુરી મળેલ હોય યુનિવર્સીટી દ્વારા એક જ અભ્યાસક્રમ મંજુરી આપવી તે અંગેની નીતિ નિયત કરવામાં આવેલ હોય ટ્રસ્ટને અગાઉ બી. એસસી. નર્સિંગનું જોડાણ આપવામાં આવેલ હોવાથી એલએલ. બી. નવું જોડાણ વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮ મુજબ ગણવી તે અંગેની તા.૨૭-૦૮-૧૬ ની નોધ પર કુલપતિશ્રીનાં મળેલ આદેશાનુસાર વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮ થી પ્રથમ વર્ષ એલએલ. બી. નું નવું જોડાણ કાઉન્સિલ માંથી વર્ષ તબદીલ ની મંજુરી રજૂ કરવાની શરતે નવું જોડાણ મંજૂર કરવું તેમજ એન. ઓ. સી. આપ્યાના કાર્ય ની નોધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

૧૬ મહેકમ-બ

યુનિવર્સીટીના જુદાજુદા વિભાગ તથા ભવનમાં આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર તથા લેબોરેટરી ટેકનિશિયન તરીકે ફિક્સ પગારથી પાંચ વર્ષ માટે કરારના ધોરણે ફરજ બજાવતા નીચે દર્શાવેલ કર્મચારીઓને નિયમિત પગાર ધોરણમાં નિમણુંક કર્યા અંગેના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

**નોંધ : (૧)**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | જોડાયા તારીખ | નિયમિત પગાર ધોરણમાં મુક્યા તારીખ | મૂળ પગાર અને પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી પી.એમ.ઝાલા | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦ ૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૨ | શ્રી એ.એમ.રાઠોડ | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦-૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| 3 | શ્રી કે.કે. બાવડા | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦ ૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | કુ.મિતલ એમ. પીઠડીયા | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦+૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૫ | શ્રી વી.આર. ગોસ્વામી | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦+૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૬ | શ્રી એસ.એમ. લાગડિયા | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦+૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૭ | શ્રી એ.એ.પરમાર | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦+૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૮ | શ્રી એચ.એસ. ચૌહાણ | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૩/૦૯/૨૦૧૧ | ૧૩/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦+૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૯ | શ્રીમતી દેવાંશી એન.ભટ્ટ. | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૪/૦૯/૨૦૧૧ | ૧૪/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦-૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૧૦ | શ્રી પી.એમ. ટીલાવત | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૫/૦૯/૨૦૧૧ | ૧૫/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦-૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૧૧ | શ્રી ડી.આર.ભારાઈ | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૬/૦૯/૨૦૧૧ | ૧૬/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦+૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૧૨ | શ્રી આર.વી. ડોબરીયા | આસીસ્ટન્ટ કમ ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૬/૦૯/૨૦૧૧ | ૧૬/૦૯/૨૦૧૬ | ₹૫૮૩૦+૧૯૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૧૩ | શ્રી કે.જી.ગોસાઈ | લેબોરેટરી ટેકનિશિયન | ૨૨/૦૯/૨૦૧૧ | ૨૨/૦૯/૨૦૧૬ | ₹૮૫૬૦-૨૮૦૦ ૫૨૦૦-૨૦૨૦૦ |

(૨) સરકારશ્રીના નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧ માં દર્શાવેલ સેવાની શરતો અને બોલીઓના ક્રમ-૧૨(અ) માં દર્શાવ્યા મુજબ નિયમિત જગ્યા ઉપર નિમણુંક આપવાની વિચારણા કરતી વખતે મૂલ્યાંકન અહેવાલ ધ્યાને લેવામાં આવેલ હતા.

(૩) સરકારશ્રીના નાણા વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામાંની અનુસુચી-ખ મુજબ શરૂઆતનો મૂળપગાર નિયત કરવામાં આવેલ છે.

(૪) ક્રમ-૯ના કર્મચારીએ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષા પાસકરી ન હોય સરકારશ્રીના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવની શરતો અને બોલીઓના ક્રમ-૧૨(ક) મુજબ બે વર્ષની અંદર સીસીસીની પરીક્ષા પાસ કરવાની શરતે પગારધોરણમાં મુકવામાં આવેલ છે.

(૫) ક્રમ-૧૩ના કર્મચારીએ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષા તથા હિન્દી ભાષાની પરીક્ષા પાસ કરેલ ન હોય સરકારશ્રીના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવની શરતો અને બોલીઓના ક્રમ-૧૨(ક) મુજબ બે વર્ષની અંદર સીસીસીની પરીક્ષા તથા હિન્દી ભાષાની પરીક્ષા પાસ કરવાની શરતે પગારધોરણમાં મુકવામાં આવેલ છે.

(૯) ક્રમ- ૧ થી ૮ અને ૧૦ થી ૧૨ ના કર્મચારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષા તથા હિન્દી ભાષાની પરીક્ષા પાસ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત કર્મચારીઓને નિયમિત પગાર ધોરણમાં નિમણુંક કર્યા અંગેના માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.**

૧૭ મહેકમ-બ ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક બનશ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૫-ચ, તા.૨૮/૧૦/૨૦૧૬ના ઠરાવ અનુસાર સાતમાં,છઠ્ઠા અને પાંચમાં પગાર પંચમાં વર્ગ-૪ના નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસના વેતન જેટલી ઉચ્ચક સહાય ચુકવ્યા અંગેની જાણ થવા બાબત.

નોંધ : (૧) ઠરાવના ક્રમ -૫ માં આ હુકમો વર્ગ-૪ ના રાજ્ય સરકારના, પંચાયતના અને પગાર ભથ્થાની ૧૦૦% સહાય અનુદાન મેળવતી સંસ્થાઓ (માન્યતાવાળા કર્મચારીઓ) કે જેમને અગાઉ બોનસ અપાયેલ હોય તેવી સંસ્થના વર્ગ-૪ના કર્મચારીઓને લાગુ પાડવામાં આવેલ છે.

(૨) ઠરાવના ક્રમ ૧ થી ૭ ની જોગવાઈ લાગુ પડવાની રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૯ " તરીકે આ સાથે સામેલ છે)**

૧૮ ઓડિટ સૌરાષ્ટ્ર યુનીવર્સિટીનાં સને ૨૦૧૨-૧૩નાં વર્ષનાં સ્થાનિક ભંડોળ હિસાબ, રાજકોટ દ્વારા અપાયેલા ઓડિટ અહેવાલો જોઈ જવા તથા કાર્યાલઇ તરફથી તેના તૈયાર કરવામાં આવેલા જવાબો પરત્વે વિચારણા કરવા બાબતે નિયત થયેલ કમિટી નાં અહેવાલની નોધ લેવા બાબત તથા આગામી સેનેટમાં રજૂ કરવા બાબત.

(નોંધ : સૌરાષ્ટ્ર યુનીવર્સિટી અધિનિયમની કલમ-૫૦(૨) અનુસાર આ યુનીવર્સિટીનાં સને ૨૦૧૨-૧૩ નાં વર્ષના ગ્રાન્ટ ફંડ, જનરલ ફંડ તેમજ સામાન્ય ભવિષ્ય નિધિનાં ગુજરાત સરકારશ્રીનાં સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા હિસાબોની ચકાસણી બાદમાં આવેલ ઓડિટ રિપોર્ટ્સ અન્વયે કાર્યાલઇ તરફથી સદરહ ઓડિટ રીપોર્ટસનાં તૈયાર કરવામાં આવેલ જવાબો રીપોર્ટ સાથે જોઈ જવા અંગે નિમેલી સમિતિની સભા તા.૨૪/૦૯/૨૦૧૬ નાં રોજ મળેલ હતી. તે અંગેની રીપોર્ટસ સાથેની મિનિટસ અંગે વિચારણા કરવા તથા રીપોર્ટ તથા જવાબો આગામી સેનેટની સભા

સમક્ષ મુકવા અંગે નિર્ણય કરવા બાબત. (ઓડિટ અહેવાલ તથા કાર્યાલઇ તરફથી તેના તૈયાર કરવામાં આવેલા જવાબો સભા સમયે રજૂ કરવામાં આવશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં સને ૨૦૧૨-૧૩ નાં વર્ષનાં સ્થાનિક ભંડોળનાં હિસાબોની ચકાસણી અંગે કાર્યાલઇ તરફથી સદરહું ઓડિટ રીપોર્ટસનાં તૈયાર કરવામાં આવેલ જવાબો રીપોર્ટ સાથે જોઈ જવા અંગે નિમેલી સમિતિની તા.૨૪/૦૯/૨૦૧૬ની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવી તેમજ તે સેનેટ અને રાજ્ય સરકારશ્રી સમક્ષ રજૂ કરવા.**

(નોંધ : ઉપરોકત બાબતની સોફ્ટકોપી પરિશિષ્ટ "૧૦" સી.ડી. તરીકે આ સાથે સામેલ છે)

૧૯ જોડાણ

શ્રી એચ. એન. દોશી આર્ટસ એન્ડ આર. એન. દોશી કોમર્સ કોલેજ, વાંકાનેર દ્વારા સંલગ્ન ગ્રાન્ટ ઈન એઇડ કોલેજમાં વર્ષ ૨૦૧૬-૧૭ થી નવા અભ્યાસક્રમ બી. કોમ. (અંગ્રજી માધ્યમ) માટે કરેલ અરજી પરત્વેસિન્ડિકેટ તા.૧૫-૦૭-'૧૬ ની સભાના ઠરાવ ન.૨૫ (૨૮૬) મુજબ નવું જોડાણ આપવા કમિટીની રચના કરવામાં આવેલ અને કમીટીના અહેવાલ રજૂ થયે તે મુજબ કાર્યવાહી કરવા જણાવેલ, કમિટીના અહેવાલની વિગતે વિધાર્થીઓના હિતમાં ગ્રાન્ટ ઈન એઇડમાં નવા સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ ન આપવા ભલામણ કરવામાં આવેલ જે અંગે રાજ્ય સરકારશ્રીને તા.૧૬-૦૯-'૧૬ નાં પત્રથી જાણ કરવામાં આવેલ.

કોલેજના તા.૨૮-૦૯-'૧૬ ના પત્રની વિગતે કોલેજ કાયમી જોડાણ ધરાવે છે, યુ.જી.સી. ૨(f) અને 12(b) ની માન્યતા પણ મેળવેલ છે, યુ.જી.સી. ગાઇડલાઇન મુજબ કોલેક પાસે ટ્રસ્ટના નામની પૂરતી જમીન છે, ઇન્ફાસ્ટ્રકચર પણ છે, ટ્રસ્ટ દ્વારા વિધાર્થીઓના હિતમાં હોય તેવા જ નિર્ણયો લેવામાં આવે છે, કોલેજમાં હાલમાં ૧૨૦૦ વિધાર્થીઓ અભ્યાસ કરે છે જે પૈકી ૬૫% બેહનોની સંખ્યા છે તેમજ વિવિધ અનામતની ૮૦% જેટલી સંખ્યા છે, વાંકાનેર તાલુકો ખૂબ જ મોટો છે તેમજ શૈક્ષણિક, આર્થિક અને સામાજીક પછાતની વસ્તી ધરાવતો તાલુકો છે, વાંકાનેર તાલુકામાં આર્ટસ અને કોમર્સમાં શિક્ષણ આપતી એકમાત્ર સારી ચાલતી કોલેજ છે. વાંકાનેરમાં ચેમ્બર ઓફ કોમર્સ, લાયન્સ કલબ, વિવિધ જ્ઞાતિના મંડળોદ્વારા પણ કોમર્સ અંગ્રજી માધ્યમમાં શરૂ કરવા રજુઆતો આવે છે, વાંકાનેરના વિધાર્થીઓને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવા અન્ય વિસ્તારમાં અપડાઉન કરવું પડે છે જે મુજબની કોલેજની વિનંતી અન્વયે સદરહું કોલેજને સંલગ્ન ગ્રાન્ટ ઈન એઇડ કોલેજમાં સેલ્ફ ફાઈનાન્સ ધોરણે બી. કોમ. (અંગ્રેજી માધ્યમ) ની મંજૂરી આપવા અર્થે પુનઃ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહું બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે)

૨૦ પરીક્ષા -૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ (૧) (VII) ની જોગવાઈ મુજબ આગામી માર્ચ-૨૦૧૭ ની સેનેટસભામાં જે તે વિધાર્થીઓએ પદવી/ડીપ્લોમાં પ્રદાન માટે આવેદનપત્રો ભરેલ હોય. અને જેઓ પદવી/ડીપ્લોમાં મેળવવાને પાત્ર હોય. તેવા દરેક વિધાર્થીઓને સ્ટેચ્યુટ-૧૫૮ માં દર્શાવેલ પદવી/ડીપ્લોમાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ-૧૮ (૧) (VII) અન્વયે ભલામણ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ-૧૮ (૧) (VII) મુજબ તા.૨૬/૦૩/૨૦૧૭નાં રોજ મળનાર સેનેટ ની સભામાં યોજાનાર પદવીદાન સમારંભમાં જે વિધાર્થીઓએ આવેદનપત્ર ભર્યા હોય અને પદવી/ડીપ્લોમાં મેળવવાને પાત્ર હોય, તેવા દરેક વિધાર્થીઓને સ્ટેચ્યુટ-૧૫૮ માં દર્શાવેલ જે તે પદવી/ડીપ્લોમાં સેનેટ સભામાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને ભલામણ કરવી.**

૨૧ મહેકમ-અ યુનિવર્સિટીનાં અંગ્રેજી અનુસ્નાતક ભવનમાં " વોક ઇન ઈનટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર ( વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે માસિક રૂ|. ૨૫,૦૦૦/- ફિક્સ વેતનથી નિમણૂંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નિમણૂંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી ભવન | તા. ૨/૧૦/૨૦૧૬ | તા ૧૩/૧૦/૨૦૧૬ | ડો. વિરલ કે શુક્લ | રૂ|. ૨૫,૦૦૦/- માસિક ફિક્સ |
| ૨ | અંગ્રેજી ભવન | તા. ૨/૧૦/૨૦૧૬ | તા ૧૩/૧૦/૨૦૧૬ | કુ. પીનાલી ટી .વાઢેર | રૂ|. ૨૫,૦૦૦/- માસિક ફિક્સ |

**નોંધ** અંગ્રેજી અનુસ્નાતક ભવનમાં કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે " વોક ઇન ઈનટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ માસિક રૂ|. ૨૫,૦૦૦/- ના ફિક્સ વેતનથી આ જગ્યા ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીનાં આદેશ મુજબ નિમણૂંક પત્ર પાઠવેલ છે. જેને બહાલી આપવાની રહે છે.

આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.

૨૨ મહેકમ-અ યુનિવર્સિટીનાં ગણિત અનુસ્નાતક ભવનમાં " વોક ઇન ઈનટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર ( વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે માસિક રૂ|. ૨૫,૦૦૦/- ફિક્સ વેતનથી નિમણૂંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નિમણૂંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | ગણિત ભવન | તા. ૨/૯/૨૦૧૬ | તા ૨૨/૧૦/૨૦૧૬ | શ્રી સંકેત એમ.બદીયાણી | રૂ|. ૨૫,૦૦૦/- માસિક ફિક્સ |

નોંધ : ગણિત અનુસ્નાતક ભવનમાં કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે " વોક ઇન ઈનટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ માસિક રૂ|. ૨૫,૦૦૦/- ના ફિક્સ વેતનથી આ જગ્યા ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીનાં આદેશ મુજબ નિમણૂંક પત્ર પાઠવેલ છે. જેને બહાલી આપવાની રહે છે.

આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.

૨૩ મહેકમ-અ યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત

(નોંધ: -

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ડો વિરેન બી.માણેક | આંકડાશાસ્ત્ર | તા ૧૧/૦૯/૨૦૧૬ | તા ૧૯/૦૯/૨૦૧૬ થી તા ૧૮/૦૮/૨૦૧૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | શ્રી.મયુર વી.સવસાણી | આંકડાશાસ્ત્ર | તા ૧૧/૦૯/૨૦૧૬ | તા ૧૯/૦૯/૨૦૧૬ થી તા ૧૮/૦૮/૨૦૧૭ |
| ૩ | ડૉ.ગીતા એ.રાઠોડ | હોમસાયન્સ | તા.૬/૧૧/૨૦૧૬ | તા ૨૪/૧૧/૨૦૧૬ થી તા ૨૩/૧૦/૨૦૧૭ |

યુનિવર્સિટીના ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૨૪ મહેકમ-અ યુનિવર્સિટીનાં ઓર્ડીનન્સ ૨૦૫ તથા યુ.જી.સી. ગાઈડલાઈન્સ/રેગ્યુલેશન મુજબ કેરીઅર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ નીચે દર્શાવેલ અનુસ્નાતક ભવનનાં આસીસ્ટન્ટ પ્રોફેસરને સ્ટેઈજ ૧ માંથી સ્ટેઈજ ૨ માં તથા સ્ટેઈજ ૨ માંથી સ્ટેઈજ ૩ માં જવા અંગેની સ્ક્રીનીંગ અને ઈવેલ્યુંએશન કમિટીની બેઠક નીચેની વિગતે મળેલ. જેની ભલામણ પ્રત્યે વિચારણા થવા બાબત .

(નોંધ: -

| ક્રમ | ઉમેદવારનું નામ | ભવનનું નામ | સ્ટેઈજ ચેન્જ અંગેની વિગત | સ્ક્રીનીંગ અને ઈવેલ્યુંએશન કમિટીની બેઠકની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી. જે.એચ. પટેલ | બાયોસાયન્સ અનુસ્નાતક ભવન | સ્ટેઈજ ૧ માંથી સ્ટેઈજ ૨ | તા ૦૭/૧૧/૨૦૧૬ |
| ૨ | ડૉ.વી.એમ ત્રિવેદી | બાયોસાયન્સ અનુસ્નાતક ભવન | સ્ટેઈજ ૨ માંથી સ્ટેઈજ ૩ | તા ૦૭/૧૧/૨૦૧૬ |

**આથી ઠરાવવામાં આવે છે કે સ્ક્રીનીંગ અને ઈવેલ્યુએશન કમિટિની બેઠકની ભલામણ સ્વીકારવી અને તે અંગે આનુંસાંગિક કાર્યવાહી કરવી.**

(સ્ક્રીનીંગ અને ઈવેલ્યુંએશન કમિટીની બેઠકની ભલામણ સભા સમયે રજુ કરવામાં આવેલ.)

૨૫ મહેકમ-અ યુનિવર્સિટીનાં ઓર્ડીનન્સ ૧૯૯/૨૦૫ તથા યુજીસીની ગાઈડ લાઈન્સ/રેગ્યુલેશન મુજબ કેરીઅર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ નીચે દર્શાવેલ અનુસ્નાતક ભવનમાં એસોસીએટ પ્રોફેસરમાંથી પ્રોફેસર તરીકે (સ્ટેઈજ ૪ માંથી સ્ટેઈજ ૫) જવા અંગેની વરણી સમિતિની બેઠક નીચેની વિગતે મળેલ જેની ભલામણ પરત્વે વિચારણા થવા બાબત.

(નોંધ: -

| ક્રમ | અનુસ્નાતક ભવન / સેન્ટરનું નામ | બઢતીની વિગત | ઉમેદવારનું નામ | વરણી સમિતિની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર સાયન્સ | એસોસીએટ પ્રોફેસર માંથી પ્રોફેસર | ડો.એ. એમ. ગોસાઇ | ૦૭/૧૧/૨૦૧૬ |

**આથી ઠરાવવામાં આવે છે કે, નીચેની વિગતે વરણી સમિતિની ભલામણો સ્વીકારવી અને તે અંગે આનુસાંગિક કાર્યવાહી કરવી.**

| ક્રમ | ઉમેદવાર નું નામ | અનુસ્નાતક ભવન / સેન્ટરનું નામ | બઢતીની વિગત | પગારધોરણ | વરણી સમિતિની ભલામણ મુજબ સીએએસ હેઠળ બઢતી માટેની પાત્રતા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ડો.એ.એમ. ગોસાઈ | કોમ્પ્યુટર સાયન્સ | એસોસીએટ પ્રોફેસર માંથી પ્રોફેસર | ૩૭૪૦૦-૬૭૦૦૦ +૧૦,૦૦૦ એજીપી | તા.૧૧/૩/૨૦૧૬ |

વરણી સમિતિ ની ભલામણ સભા સમયે રજુ કરવામાં આવેલ.

૨૬ જોડાણ શ્રીમતી ટી. વી. મહેતા ચેરીટેબલ ફાઉન્ડેશ સંચાલિત સરસ્વતી બી.એડ. કોલેજનાં સરનામાં ફેરફાર અંગે સિન્ડીકેટની તા.૨૬-૦૬-૨૦૧૫-ઠ ક્ર.૦૫થી ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર કરેલ તેની સરનામું સિન્ડીકેટ સભા તા.૦૧-૧૦-૨૦૧૫ ઠ ક્ર.૦૫થી ફેરફાર મંજુર કરાયેલ જે અન્વયે કોલેજના આચાર્યશ્રી નાં તા.૨૭-૦૯-૨૦૧૬ ના પત્રથી આવેલ રજૂઆત અન્વયે સરનામામાં શરતચૂકથી જીલ્લો-રાજકોટ દર્શાવેલ છે જે ખરેખર જીલ્લો જામનગર રાખવા જણાવેલ છે. તે મુજબ નો સુધારો મંજુર રાખવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ટી. વી. મહેતા ચેરીટેબલ ફાઉન્ડેશ સંચાલિત સરસ્વતી બી.એડ. કોલેજનાં સરનામામાં જીલ્લો રાજકોટના બદલે જીલ્લો જામનગર એમ સુધારો કરવો.**

**(નોંધ :- ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૨" તરીકે આ સાથે સામેલ છે)**

૨૭ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા નીચે દર્શાવેલ અધ્યાપકશ્રીઓએ તેમને મળવાપાત્ર ૩૦ દિવસોની ડયુટીલીવ ઉપરાંત શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માં ભોગવેલ છે. જે મંજુર કરવા વિચારણા થવા બાબત.

| ક્રમ | નામ | હોદો | ભવન | ભોગવેલ ડયુટીલીવની તારીખ | કુલ દિવસ |
|---|---|---|---|---|---|
| ૧ | ડૉ. કે. એચ.મહેતા | પ્રોફેસર | અંગ્રેજી | તા.૧૦/03/૧૬ થી તા.૧૭/03/૧૬<br>તા.03/૦૫/૧૬ અને તા.૦૪/૦૫/૧૬<br>તા.૧૧/૦૪/૧૬ અને તા.૧૨/૦૪/૧૬ | ૧૨ |
| ૨ | ડૉ. એ. કે. ચકવાલ | કો-ઓડીનેટર | આઈકયુએસી | તા.૧૪/૦૫/૧૬ | ૦૧ |
| 3 | ડૉ. એસ. જે. ભાયાણી | પ્રોફેસર | એમ. બી. એ. | તા.૦૪/૦૪/૧૬ થી તા.૦૬/૦૪/૧૬ | ૦3 |

(નોંધ:- ઓર્ડિનન્સ ૨૦૫ ની જોગવાઈ અનુસાર અનુસ્નાતક ભવનોના અધ્યાપકશ્રીઓને વાર્ષિક 30 દિવસની મર્યાદામાં ડયુટીલીવ મળવા પાત્ર છે, જે મંજુર કરવાની સતા માનનીય કુલપતીશ્રીને છે. જો કોઈ અધ્યાપકશ્રી શૈક્ષણિક વર્ષ દરમ્યાન 30 દિવસો કરતા વધારે દિવસોની ડયુટીલીવ ભોગવે તો તે બાબત સિન્ડિકેટ સમક્ષ મંજુરી અર્થે મુકવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત શૈક્ષણિક કર્મચારીઓએ નિયત 30 દિવસની મર્યાદા કરતાં વધારે દિવસો માટે ભોગવેલ ડયુટી લીવ મંજૂર કરવી.

૨૮ સામાન્ય — સિન્ડિકેટ નીમેલ સમિતિ તા. ૧૩-૫-૨૦૧૬ ની સભાના ઠરાવ અન્વયે તા.૧-૪-૨૦૧૫ થી તા.૩૧-3-૨૦૧૬ સુધીના સમયનો વર્ષ ૨૦૧૫-૧૬ નો ૪૯ મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે, જે સેનેટમાં રજૂ કરવા માટે મંજૂર થવા બાબત.

(૨) સિન્ડિકેટ તા.૧૫-૭-૨૦૧૬ ના ઠરાવક્રમાંક ૧૩ થી વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે મુજબનાં સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ.

૧: ડૉ. વિજયભાઈ પટેલ

૨: ડૉ. ધરમાભાઈ કાંબલીયા

3: ડૉ. રાજેશભાઈ ચોટલીયા

૪: ડૉ.નીતિનભાઈ વડગામા

૫: ડૉ. સંજયભાઈ મુખર્જી

૬: ડૉ. રંજનબેન ખુંટ

આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીના સમયનો વર્ષ ૨૦૧૫-૧૬ નો ૪૯ મો વાર્ષિક અહેવાલ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૨૯ હિસાબ — ફાઈનાન્સ કમિટિની તા.૨૦/૦૯/૨૦૧૬ને મંગળવારનાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટિની તા.૨૦/૦૯/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૦/૦૯/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે.)

૩૦ હિસાબ — ફાઈનાન્સ કમિટિની તા.૧૦/૧૧/૨૦૧૬ને ગુરૂવારનાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટિની તા.૧૦/૧૧/૨૦૧૬ ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૧૦/૧૧/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૪" તરીકે આ સાથે સામેલ છે.)

૩૧ બાંધકામ — એસ્ટેટ કમિટિની તા.૧૦/૧૨/૨૦૧૬ને શનિવારનાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૦/૧૨/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૧૦/૧૨/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૫" તરીકે આ સાથે સામેલ છે.)

૩૨ મહેકમ-બ — યુનિવર્સીટીમાં ખાલી રહેલ જુદી જુદી બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અનુભવ સંદર્ભેન આ સાથે સામેલ પરિશિષ્ઠ મુજબ કરેલ સુધારા વધારા મંજૂર કરવાના માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ : (૧) પરીક્ષા નિયામકની જગ્યા માટે લાયકાતનું ધોરણ સિન્ડીકેટની તા.૦૧/૧૦/૨૦૧૫ ની સભાના ઠરાવ નં.૧૭ થઈ યુ.જી.સી.ના નોર્મ્સ મુજબ રાખવા ઠરાવ થયેલ છે.

(૨) ગેસ મિકેનિકની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત ધોરણ-૮ પાસ ની છે તેને બદલે ધોરણ-૧૦ પાસની રાખવાની રહે.

(3) સિસ્ટમ એનાલીસ્ટની જગ્યા અંગે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૫ના ઠરાવથી સિનીયર સિસ્ટમ એનાલિસ્ટના બદલે સિસ્ટમ એનાલિસ્ટની જગ્યા મંજુર કરવામાં આવેલ છે. આથી સિસ્ટમ એનાલિસ્ટની જગ્યા માટે નીચે મુજબ શૈક્ષણિક લાયકાત નિયત કરવાની રહે.

*MCA/M.Sc.(IT)/B.E.(Computer) with at least 55% of the marks or its equivalent grade of B in the UGC seven point scale.*

(૪) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૫ન ઠરાવથી ટેકનીકલ આસીસ્ટન્ટ (લાઇબ્રેરી) ની આ જગ્યા બઢતીને બદલે સીધી ભરતીથી ભરવાની મંજૂરી આવેલ છે, આથી આ જગ્યા માટે નીચે મુજબ શૈક્ષણિક લાયકાત અને અનુભવ નિયત કરીએ.

*1) Graduate in any discipline and Bachelor of Library Science/ Bachelor of Library and Information Science with Tree years Experience of Library Work.*

*OR*

*Graduate in any discipline and Master of Library Science / Master of Library and Information Science with One year Experience of Library Work.*

(૫) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૫ન ઠરાવથી ટેકનીકલ આસીસ્ટન્ટ (કોમ્પ્યુટર સાયન્સ) ની જગ્યા સીધી ભરતીથી ભરવાની મંજૂરી આવેલ છે, આથી આ જગ્યા માટે નીચે મુજબ શૈક્ષણિક લાયકાત અને અનુભવ નિયત કરીએ.

*A) Master Degree (Comp.sc./ Engineering in relevant subject) II Class*

*OR*

*A) II Class B.Sc. (Maths/Statistics/Physics/Comp.Sci./Electronics) and II Class M.C.A. /M.Sc. (Comp.Sci.)*

*OR*

*A) I Class B.E.(Comp.sc. & Engineering)/B.Tech.(Comp.sc.& Engineering)*

*OR*

*A) I Class B.Sc.(Maths/Statistics/Electronics/ /Physics/ Plus II Class M.Sc.(Electronics/Maths /Physics /Statistics) Plus I Class P.G.D.C.A.*

*B) At the time of appointment Selected Candidate possesses a certificate of basic knowledge of computer applications of any recognized institute*

*as per resolution No. CRR-10-2007-120320-G5 dated 13/08/2008*
*and 18/03/2016 of General Administration Department, Gandhinagar.*

(૬) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૫ન ઠરાવથી સિસ્ટમ મેનેજર ની જગ્યા સીધી ભરતીથી ભરવાની મંજૂરી આવેલ છે, આથી આ જગ્યા માટે નીચે મુજબ શૈક્ષણિક લાયકાત અને અનુભવ નિયત કરીએ.

*A) Ph.d. in relevant field.*
*B)At least one year experience on systems development.*

*or*

*A)Master Degree (Computer Science or Electronics)*
*B)With three years experience in computer hardware / Software*

*or*

*A)At least second class Bachelor's Degree in Engineering or Master's Degree*
*in Physics / Mathematics.*

*B)With five years experience in computer hardware / Software*

*C) At the time of appointment Selected Candidate possesses a certificate of*
*basic knowledge of computer applications of any recognized institute*
*as per resolution No. CRR-10- 2007-120320-G5 dated 13/08/2008*
*and 18/03/2016 of General Administration Department, Gandhinagar.*

(૭) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ નં.સી.આર.આર. -૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ-૫ થી ભરતીના નિયમોના વય મર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરીને નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.

- સ્નાતક શૈક્ષણિક લાયકાતની જોગવાઈ હોય ત્યાં ૩૦ વર્ષને બદલે ૩૫ વર્ષ કરવામાં આવેલ છે.
- સ્નાતક કરતા ઓછી શૈક્ષણિક લાયકાત (ડીપ્લોમાં,ધોરણ-૧૦,ધોરણ-૧૨) ની જોગવાઈ હોય ત્યાં ૨૮ વર્ષને બદલે ૩૩ વર્ષ કરવામાં આવેલ છે.
- આ વય મર્યાદાનો લાભ એસ.સી.,એસ.ટી., ઓ.બી.સી., અને મહિલા અનામતને હાલ મળતી વયમર્યાદાના લાભ ઉપરાંતનો રહેશે.

આ બાબતે તા.૨૭-૭-૨૦૧૬ના રોજ મળેલ સિન્ડીકેટની સભાના ઠરાવનં.૪થી નોંધ લેવામાં આવેલ છે.

(૮) પરીક્ષા નિયામક, યુનિવર્સીટી એન્જીનીયર, મેડીકલ ઓફિસર, સિવિલ સુપરવાઇઝર, ટેકનીકલ આસિસ્ટન્ટ (કોમ્પ્યુટર સાયન્સ) અને સિસ્ટમ મેનેજરની જગ્યાઓ સિવાયની જગ્યા માટે વયમર્યાદા અંગે ઉપર્યુક્ત ૭ માં દર્શાવ્યા ઉપરાંત યુનિવર્સીટીની ભરવાપાત્ર જે જગ્યા માટે જેટલા વર્ષનો અનુભવ માંગવામાં આવેલ હોય તેટલા વર્ષ વયમર્યાદામાં ઉમેરો કરીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**ઉપર્યુકત સુધારાઓ મુજબનું પરિશિષ્ઠ "૧૬" આ સાથે સામેલ છે.**

33 જોડાણ

આચાર્યશ્રી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર ના તા.૧૭/૧૧/૨૦૧૬ ના પત્ર થી વર્ષ ૨૦૧૬-૧૭ માં NCTE ની મંજૂરી મળેલ નહોવાથી અને બી.એડ.મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા પણ કરવામાં આવેલ નથી તેમ જણાવી ને વર્ષ ૨૦૧૭-૧૮ માં તબદીલ કરવા જણાવે છે.એકેડેમિક કાઉન્સિલની તા.૧૫/૦૭/૨૦૧૬ ની સભાના ઠરાવ નં.૨૧૧ અને સિન્ડીકેટ તા.૧૫/૦૭/૨૦૧૬ ની સભા નાં ઠરાવ નં.૨૫-૨૧૧ થી વર્ષ ૨૦૧૬-૧૭ બી.એડ.અભ્યાસક્રમનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ છે.જે કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮ માં તબદીલ કરવાની રજૂઆત પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર ને વર્ષ ૨૦૧૬-૧૭ બી.એડ.અભ્યાસક્રમનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ, જે કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮ માં તબદીલ કરવી અને રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

( નોધ-: ઉપરોક્ત કોલેજના આચાર્યશ્રી નો પત્ર પરિશિષ્ટ "૧૭" તરીકે શામેલ છે.)

3૪ જોડાણ

આચાર્યશ્રી, શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી બી.એડ.કોલેજ ટંકારા તરફથી જુન-૨૦૧૭ માટે આવેલ ચાલુ/નવા જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત-

શિક્ષણ વિધાશાખા :- (ચાલુ જોડાણ)

બી.એડ.પદવીના અભ્યાસક્રમ

વિનયન વિધાશાખા :- (ચાલુ જોડાણ )

બી.એ.

(મુખ્ય/ગૌણ)ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,સંસ્કૃત,સમાજશાસ્ત્ર,ઇતિહાસ,અર્થશાસ્ત્ર,મનોવિજ્ઞાન

વાણિજ્ય વિધાશાખા :- (ચાલુ જોડાણ )

બી.કોમ. ઇલેકટીવ એકાઉન્ટીંગ એન્ડ ફાઇનાન્સ,બિઝનેસ મેનેજમેન્ટ(પર્સનલ મેનેજમેન્ટ),કોમ્પ્યુટર સાયન્સ.

કાયદા વિધાશાખા :- (નવું જોડાણ )

પ્રથમ વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ

નોધ-: ૧ સ્થાનિક તપાસ સમિતિના ત્રણ સભ્યશ્રીઓનો તા.0૨/૧૨/૧૬,03/૧૨/૧૬ અને ૧૭/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૦/૧૨/૧૬ ના રોજ મળેલ છે,ચાલુ/નવું જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨ આચાર્યની નિમણુંક થયેલ નથી.

3 સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટના નામ પર છે.

૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૫ ચો.ફુટ દર્શાવેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ,શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી બી.એડ.કોલેજ ટંકારા તરફથી જુન-૨૦૧૭ માટે આવેલ ચાલુ/નવા જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા. 30/0૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને શિક્ષણ વિધાશાખા, વિનયન વિધાશાખા અને વાણિજ્ય વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/0૬/૨૦૧૮ સુધી એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

આથી વધુ માં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત શરતો ને આધીન સંસ્થાને બારકાઉન્સિલ ઓફ ઈન્ડીયા ને અરજી કરવા એન. ઓ. સી. આપવું તેમજ બારકાઉન્સિલ ઓફ ઈન્ડીયા ની માન્યતા મળ્યા બાદ કાયદા વિધાશાખાનું પ્રથમ વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ નું તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/0૬/૨૦૧૮ સુધી એક વર્ષ માટે નવું જોડાણ તેમજ સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી

નોધ-: સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૮" તરીકે આ સાથે સામેલ છે.

૩૫ જોડાણ આચાર્યશ્રી ,શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત -ગાયત્રી ગુરૂકૃપા બી.એડ.કોલેજ લાઠી તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ )ત્રણ વર્ષ (માટે આવેલ ચાલુ/વધારાના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત .

જોડાણની વિગત-

શિક્ષણ વિધાશાખા :- (ચાલુ જોડાણ)

બી.એડ.પદવીના અભ્યાસક્રમ

વિનયન વિધાશાખા :- (ચાલુ જોડાણ )

બી.એ. (મુખ્ય/ગૌણ)ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,મનોવિજ્ઞાન

(મુખ્ય) ભૂગોળ,ઇતિહાસ,સંસ્કૃત,સમાજશાસ્ત્ર,અર્થશાસ્ત્ર

(ગૌણ) સંસ્કૃત

વાણિજય વિધાશાખા :- (ચાલુ જોડાણ )

બી.કોમ. ઇલેકટીવ એકાઉન્ટીંગ એન્ડ ફાઇનાન્સ,બિઝનેસ મેનેજમેન્ટ(પર્સનલ મેનેજમેન્ટ),કોમ્પ્યુટર સાયન્સ.

કાયદા વિધાશાખા :- (વધારાનું જોડાણ (વર્ષ ૨૦૧૭-૧૮)

તૃતીય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ

એલ.એલબી.પદવીના અભ્યાસક્રમ ચાલુ જોડાણ (વર્ષ ૨૦૧૮-૧૯ )

નોંધ-
૧ સ્થાનિક તપાસ સમિતિના એક સભ્યશ્રીનો તા.૧૬ /૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૧૬/૧૨/૧૬ ના રોજ મળેલ છે,વધારાનું/ચાલુ એમ ત્રણ વર્ષનું જોડાણ આપવા ભલામણ કરેલ છે .
૨ આચાર્યની નિમણુંક થયેલ નથી.
૩ સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટના નામ પર છે.
૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૬.૨૫ ચો.ફુટ દર્શાવેલ છે.
૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે/.સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ,શ્રીજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત -ગાયત્રી ગુરૂકૃપા બી.એડ.કોલેજ લાઠી તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ ત્રણ વર્ષ માટે આવેલ ચાલુ /વધારાની જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ

શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/01/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને શિક્ષણ વિધાશાખા, વિનયન વિધાશાખા, વાણિજ્ય વિધાશાખા અને કાયદા વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૨૦ સુધી ત્રણ વર્ષ માટે ચાલુ અને વધારા નું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ દ્વારા જરૂરી ત્રણ વર્ષની જોડાણ ફી ભરવાની રહેશે.

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૧૯" તરીકે સામેલ છે.

૩૬ જોડાણ આચાર્યશ્રી ,સ્વ.માતૃશ્રી સંતોકબેન સવજીભાઈ પાંભર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ બાબરા સંચાલિત સરદારપટેલ લો કોલેજ બાબરા તરફથી જુન-૨૦૧૭ થી આવેલ વધારાના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત

જોડાણની વિગત-
કાયદા વિધાશાખા :- (વધારાનું જોડાણ (વર્ષ ૨૦૧૭-૧૮)
દ્વિતિય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ

નોંધ-
૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૧૯/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૧૯/૧૨/૧૬ ના રોજ મળેલ છે,વધારાનું જોડાણ આપવા ભલામણ કરેલ છે. (સભ્યશ્રીઓએ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધી ત્રણ વર્ષનું જોડાણ આપવા ભલામણ કરેલ છે.)
૨ આચાર્યની નિમણુંક થયેલ નથી.
૩ સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટીના નામ પર છે અને ટ્રસ્ટી એ ટ્રસ્ટને ભાડા કરારથી ભાડે આપેલ છે.
૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૦.૦૦ ચો.ફુટ દર્શાવેલ છે.
૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડીંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ,સ્વ.માતૃશ્રી સંતોકબેન સવજીભાઈ પાંભર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ બાબરા તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ ત્રણ વર્ષ માટે આવેલ ચાલુ વધારાની જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ

જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.૩૦/૦૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને કાયદા વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૧૯ સુધી બે વર્ષ માટે વધારાનું અને તા.૧૫/૬/૨૦૧૯ થી તા. ૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષ માટે ચાલુ નું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૨૦" તરીકે સામેલ છે.

૩૭ જોડાણ આચાર્યશ્રી, શ્રી અગ્નિ ફાઉન્ડેશન સંચાલિત જેતપુર લો કોલેજ-જેતલસર તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ (ત્રણ વર્ષ) માટે આવેલ વધારા/ચાલુના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત-

કાયદા વિધાશાખા :- વધારાનું જોડાણ (વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ )
દ્વિતીય અને તૃતીય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ
એલ.એલબી.પદવીના અભ્યાસક્રમ ચાલુ જોડાણ (વર્ષ ૨૦૧૯-૨૦ )

નોંધ-
૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૧૫ /૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૧૫/૧૨/૧૬ ના રોજ મળેલ છે,વધારાનું/ચાલુ એમ ત્રણ વર્ષનું જોડાણ આપવા ભલામણ કરેલ છે.
૨ આચાર્યની નિમણુંક થયેલ નથી.
3 સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટીના નામ પર છે અને ટ્રસ્ટી એ ટ્રસ્ટને ભાડા કરારથી ભાડે આપેલ છે.
૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૮.૦૦ ચો.ફુટ દર્શાવેલ છે.
૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ,શ્રી અગ્નિ ફાઉન્ડેશન સંચાલિત જેતપુર લો કોલેજ-જેતલસર તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ ત્રણ વર્ષ માટે આવેલ ચાલુ વધારાની જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.૩૦/૦૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ

ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને કાયદા વિદ્યાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૧૯ સુધી બે વર્ષ માટે વધારાનું અને તા.૧૫/૬/૨૦૧૯ થી તા. ૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષ માટે ચાલુ નું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૨૧" તરીકે સામેલ છે.

૩૮ જોડાણ આચાર્યશ્રી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી ના તા.૨૩/૧૧/૨૦૧૬ ના પત્ર થી વર્ષ ૨૦૧૬-૧૭ માં NCTE ની મંજૂરી મળેલ નહોવાથી અને બી.એડ.મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા પણ કરવામાં આવેલ નથી તેમ જણાવી ને વર્ષ ૨૦૧૭-૧૮ માં તબદીલ કરવા જણાવે છે.એકેડેમિક કાઉન્સિલની તા.૦૨/૦૭/૨૦૧૬ ની સભાના ઠરાવ નં.૨૧૦ અને સિન્ડીકેટ તા.૧૫/૦૭/૨૦૧૬ ની સભા નાં ઠરાવ નં.૨૫-૨૧૦ થી વર્ષ ૨૦૧૬-૧૭ બી.એડ.અભ્યાસક્રમનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ છે.જે કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮ માં તબદીલ કરવાની રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી ને વર્ષ ૨૦૧૬-૧૭ બી.એડ.અભ્યાસક્રમનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરેલ, જે કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮ માં તબદીલ કરવી અને રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

નોંધ- ઉપરોક્ત કોલેજના આચાર્યશ્રી નો પત્ર પરિશિષ્ટ "૨૨" તરીકે શામેલ છે

૩૯ જોડાણ આચાર્યશ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ સંચાલિત વસંતબેન એન.વ્યાસ હોમ્યોપેથીક મેડીકલ કોલેજે વર્ષ ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી પર નિમાયેલ સ્થાનિક તપાસ સમીતીના બે સભ્યશ્રીઓના તા.૨૬-૧૧-૧૬ ના આવેલ અહેવાલ અંગે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૦૮-૧૨-૧૬ ના વચગાળા ઓર્ડર મુજબ એકેડમિક કાઉન્સિલ તથા સિન્ડીકેટ સભાની બહાલીની અપેક્ષા એ કોલેજ ને આપેલ જોડાણ પ્રમાણપત્ર તથા વર્ષ ૨૦૧૬-૧૭ માટેના વધારાના જોડાણ પર સ્થાનિક તપાસ સમીતીના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રી નાં ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહું કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ નું વધારાનું જોડાણ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં અંતિમ ચુકાદાને આધિન યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા

સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/01/2017 સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને હોમ્યોપેથીક વિધયાશાખાનું તા.૧૫/૬/૨૦૧૬ થી તા. ૧૪/૦૬/૨૦૧૭ સુધી એક વર્ષ માટે વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૨૩" તરીકે સામેલ છે.

૪૦ શા. શી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નો વર્ષ ૨૦૧૬-૧૭, નાં વર્ષ નો ૪૭ મો ખેલકુદ રમતોત્સવ તાજેતર માં યોજવામાં આવેલ તેમાં સુવર્ણ જયંતિ વર્ષ ની ઉજવણી નિમિતે રોકડ પુરસ્કાર આપવા વિચારણા કરવા બાબત.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નો વર્ષ ૨૦૧૬-૧૭, નાં વર્ષ નો ૪૭મો ખેલકુદ રમતોત્સવ તાજેતર માં યોજાવામાં આવેલ આ રમતોત્સવ માં જુદી જુદી સ્પર્ધા માં પ્રથમ, દ્રિતીય, અને તુતીય, નંબર પ્રાપ્ત્ર કરનાર ને સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી નિમિતે રોકડ પુરસ્કાર આપવો તેવી મૌખિક ભલામણ માનનીય કુલપતિશ્રી એ કરેલ હતી.

આ રોકડ પુરસ્કાર કેટલો આપવો, કઈરીતે આપવો, તેમજ આ પુરસ્કાર સુવર્ણ જયંતિ વર્ષ ની ઉજવણી ના વર્ષ પુરતો જ આપવો કે દર વર્ષે આપવો તે નક્કી કરવાનું રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નો વર્ષ ૨૦૧૬-૧૭, નાં વર્ષ નો ૪૭મો ખેલકુદ રમતોત્સવ તાજેતર માં યોજાવામાં આવેલ આ રમતોત્સવ માં જુદી જુદી સ્પર્ધા માં પ્રથમ, દ્રિતીય, અને તુતીય, નંબર પ્રાપ્ત કરનાર ને સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી નિમિતે રોકડ પુરસ્કાર અનુક્રમે રૂપિયા ૫૦૦૦/-. ૩૦૦૦/- અને ૨૦૦૦/- આપવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલ પુરતો આ નિર્ણય માત્ર સ્વર્ણિમ જયંતિ વર્ષ પુરતો રાખવો.**

૪૧ જોડાણ આચાર્યશ્રી ,શ્રી મહાકાલેશ્વર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આત્મીય લો કોલેજ ,નાના ખીજડીયા-પડધરી તરફથી જુન-૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધી )ત્રણ વર્ષ સુધી (આવેલ વધારાના/ચાલુ જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત .

જોડાણની વિગત-

કાયદા વિધાશાખા :-વધારાનું જોડાણ (વર્ષ ૨૦૧૭-૧૮)

દ્વિતીય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ

તૃતીય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ વધારાનું જોડાણ (વર્ષ ૨૦૧૮-૧૯)

એલ.એલબી પદવીના અભ્યાસક્રમો (ચાલુ જોડાણ વર્ષ ૨૦૧૯-૨૦)

નોંધ - ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૦/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૬/૧૨/૧૬ ના રોજ મળેલ છે, વધારાનું (વર્ષ ૨૦૧૭-૧૮) નું જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨ આચાર્ય,ગ્રંથપાલ,પી.ટી.આઈ ની નિમણુંક થયેલ નથી.

૩ ટ્રસ્ટી એ ટ્રસ્ટને ૩૦ વર્ષના ભાડા કરારથી ભાડે આપેલ છે.

૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૦.૦૦ ચો.ફુટ દર્શાવેલ છે.

૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય શ્રી મહાકાલેશ્વર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આત્મીય લો કોલેજ, નાના ખીજડીયા તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ ત્રણ વર્ષ માટે આવેલ ચાલુ વધારાની જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.૩૦/૦૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને કાયદા વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૧૯ સુધી બે વર્ષ માટે વધારાનું અને તા.૧૫/૬/૨૦૧૯ થી તા. ૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ દ્વારા જરૂરી ત્રણ વર્ષની જોડાણ ફી ભરવાની રહેશે.

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૨૪" તરીકે સામેલ છે.

૪૨ યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ માટે હાઈમાસ્ટ લાઈટીંગ સિસ્ટમની કામગીરી અંગે.

બાંધકામ

નોંધ- યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં રાત્રીના સમયે ક્રિકેટ મેચનું આયોજન થઈ શકે તે

માટે ક્રિકેટ ગ્રાઉન્ડ માં હાઈમાસ્ટ લાઈટીંગ સિસ્ટમની સુવિધા ઉભી કરવા માટેની બાબત હાલ વિચારણા હેઠળ છે. આ માટે બજાજ એન્જીનીયરીંગ એન્ડ પ્રોજેકટ દ્વારા પ્રાથમિક અંદાજ રૂ.૧,૮૨,૩૯,૭૨૦/- નો આવેલ છે. પેનલ બોર્ડ, કેબલ વર્ક, સીવીલ વર્ક વગેરેનો અંદાજીત ખર્ચ રૂ.૧૫.૦૦લાખ ધ્યાને લેતા કુલ અંદાજીત ખર્ચ રૂ.૧,૯૭,૩૯,૭૨૦/- થાય તેમ છે. આ એસ્ટીમેઈટ માં જનરેટર સેટના ખર્ચ નો સમાવેશ થતો નથી. જરૂરીયાતના સમયે જનરેટર ભાડે થી રાખવાના રહે છે.આ કામગીરી કરાવવી કે કેમ? તેમજ ખર્ચ કયા હેડ હેઠળ પાડવો તે અંગે ચર્ચા વિચારણા કરી સૈધ્ધાંતિક નિર્ણય કરવા અંગે

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહું બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે અને ક્રિકેટ ગ્રાઉન્ડમાં હાઈમાસ્ટ લાઈટીંગ સિસ્ટમની સુવિધા ઉભી કરવા માટે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરાવી .**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે માન્ય રાજ્ય સરકારશ્રી સમક્ષ પણ નવી બાબતો અંતર્ગત અનુદાન માટે દરખાસ્ત કરવી.**

૪૩ જોડાણ

આચાર્યશ્રી, સંસ્કૃતિ મહિલા રક્ષક ટ્રસ્ટ સંચાલિત એલ.ડી.ધાનાણી આર્ટસ કોલેજ -અમરેલી તરફથી જુન-૨૦૧૭ થી આવેલ ચાલુ/વધારાના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત-**

વિનયન વિધાશાખા :- (ચાલુ જોડાણ )

બી.એ. (મુખ્ય/ગૌણ) ગુજરાતી,હિન્દી,અંગ્રેજી,મનોવિજ્ઞાન,ઇતિહાસ,સંસ્કૃત, અર્થશાસ્ત્ર,રાજ્યશાસ્ત્ર

વાણિજય વિધાશાખા :- (વધારાનું જોડાણ )

બી.કોમ તૃતીય

ઇલેકટીવ-૧ ના એકાઉન્ટીંગ એન્ડ ફાઈનાન્સ,(પર્સોનલ મેનેજમેન્ટ)કોમ્પ્યુટર સાયન્સ તથા બેંકીગ

કાયદા વિધાશાખા :-વધારાનું જોડાણ

દ્વિતીય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ

નોધ - ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૨/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૪/૧૨/૧૬ ના રોજ મળેલ છે, ચાલુ/વધારાનું જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨ ટ્રસ્ટી એ ટ્રસ્ટને ૫૦ વર્ષના ભાડા કરારથી ભાડે આપેલ છે.

૩ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૯.૧૬ ચો.ફુટ દર્શાવેલ છે.

૪ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ,સંસ્કૃતિ મહિલા રક્ષક ટ્રસ્ટ સંચાલિત એલ.ડી.ધાનાણી આર્ટસ કોલેજ -અમરેલી તરફથી જુન-૨૦૧૭ થી ચાલુ વધારાની જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/0૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને વિનયન વિધાશાખાનું ચાલુ જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી ત્રણ વર્ષ સુધી, વાણિજય વિધાશાખાનું વધારાનું જોડાણ તૃતીય વર્ષ બી.કોમ.નું તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૬/૨૦૧૮ સુધી એક વર્ષ માટે તેમજ ચાલુ જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધીનું બે વર્ષ માટે અને કાયદા વિધાશાખાનું દ્વિતીય અને તૃતીય વર્ષ એલ.એલ.બી.નું તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધી બે વર્ષ માટે અને એલ.એલ.બી. અભ્યાસક્રમનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા માટે રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ દ્વારા જરૂરી ત્રણ વર્ષની જોડાણ ફી ભરવાની રહેશે.

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૨૫" તરીકે સામેલ છે.

૪૪ જોડાણ આચાર્યશ્રી, શ્રી જવાહરલાલ નહેરૂ મેડીકલ કોલજ એન્ડ હોસ્પીટલ લીમડા તરફથી જુન-૨૦૧૭ ચાલુ જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત-

હોમ્યોપેથીક વિધાશાખા -:ચાલુ જોડાણ

બી.એચ.એમ.એસ.પદવીના અભ્યાસક્રમ

નોધ - ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૦/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૬/૧૨/૧૬ ના રોજ મળેલ છે, ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨ જમીન ટ્રસ્ટ ના નામની છે.

3 વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૧.00 ચો.ફુટ દર્શાવેલ છે.

૪ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ,શ્રી જવાહરલાલ નહેરૂ મેડીકલ કોલજ એન્ડ હોસ્પીટલ લીમડા તરફથી જુન-૨૦૧૭ થી ચાલુ જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/01/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને હોમ્યોપેથીક વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/0૬/૨૦૧૮ સુધી એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૨૬" તરીકે સામેલ છે.

૪૫ જોડાણ આચર્યશ્રી સંકટ નિવારણ એજ્યુકેશન ટ્રસ્ટ મોરબી સંચાલિત શ્રી ઓ.આર.ભાલોડીયા મહિલા સાયન્સ કોલેજ ટંકારા સંલગ્ન વર્ષ ૨૦૧૬-૧૭માં આપેલ બી.કોમના નવા અભ્યાસક્રમના જોડાણમાં વિધાર્થીઓ ન મળતા કોલેજે તા.૧૬-૧૨-૧૬ના પત્રમાં કરેલ રજૂઆત અન્વયે બી.કોમ અભ્યાસક્રમનું નવું જોડાણ વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮માં તબદીલ કરવાની રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહું કોલેજનું ઉપર્યુક્ત વિગતનું નવું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ નાં બદલે ૨૦૧૭-૧૮ માં મંજૂર કરવા માટે માન.રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજનું જોડાણ જે વર્ષમાં મંજૂર થયેલ હોય તે વર્ષ પછીના વર્ષમાં કોલેજ જોડાણ તબદીલ કરવા ઈચ્છતી હોય તો પ્રોસેસિંગ ફી રૂ.૫૦,000/- ભરવાની રહેશે અને વધુમાં વધુ એક વર્ષ જોડાણ તબદીલ કરી શકાશે.

નોંધ- ઉપરોક્ત કોલેજના આચાર્યશ્રી નો પત્ર પરિશિષ્ટ "૨૭" તરીકે શામેલ છે

૪૬ જોડાણ જય બજરંગ સેવા સમિતિ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત, શ્રી સ્વામી વિવેકાનંદ કોલેજ સુરેન્દ્રનગર સ્થળ ફેરફારની અરજી પર નીમવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિના આવેલ અહેવાલ પર માન. કુલપતિશ્રી દ્વારા મંજૂર કર્યાના કાર્યને બહાલી આપવા અંગે .

| કોલેજનું હાલનું સરનામું | કોલેજનું નવા સ્થળનું સરનામું |
|---|---|
| જય બજરંગ સેવા સમિતિ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત ,શ્રી સ્વામી વિવેકાનંદ કોલેજ સુરેન્દ્રનગર,સ્વસ્તિક બિલ્ડીંગ , વોડાફોનની સામે સુરેન્દ્રનગર.. | જય બજરંગ સેવા સમિતિ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત ,શ્રી સ્વામી વિવેકાનંદ કોલેજ સુરેન્દ્રનગર,એસ.ટી.સ્ટેન્ડની બાજુમાં સુરેન્દ્રનગર. |

નોંધ
૧ કોલેજનાં સ્થળ ફેરફારનો બે સભ્યશ્રીઓની સહી સાથેનો અહેવાલ તા.૨૬/૧૨/૧૬ ના રોજ જમાં કરાવવામાં આવેલ છે.
૨ સ્થાનીક તપાસ સમિતિના અહેવાલમાં સ્થળ ફેરફારની ભલામણ કરેલ છે.
3 સંસ્થાએ સ્થળ ફેરફારની નિયત ફી ભરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે જય બજરંગ સેવા સમિતિ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત ,શ્રી સ્વામી વિવેકાનંદ કોલેજ સુરેન્દ્રનગર ની સ્થળ ફેરફારની અરજી પર સ્થાનીક તપાસ સમિતિ ની ભલામણ સ્વીકારી ઉપર્યુક્ત વિગતે સ્થળ ફેરફાર મંજૂર કરવો અને રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી.**

**નોંધ : કોલેજનું સ્થળ ફેરફાર અંગેનો અહેવાલ પરિશિષ્ટ "૨૮ "તરીકે આ સાથે સામેલ છે.**

૪૭ જોડાણ શ્રી બાઢડા કેળવણી મંડળ સંચાલિત મણીબેન કરશનભાઈ સાવલીયા આર્ટસ કોલેજ બાઢડા સંલગ્નમાં બી.એસસી અભ્યાસક્રમનું જોડાણ વર્ષ ૨૦૧૭-૧૮ થી આપવામાં આવેલ છે.તે અન્વયે ટ્રસ્ટે ટ્રસ્ટ ઠરાવથી નવું બી.એસસી અભ્યાસક્રમ નું વર્ષ ૨૦૧૭-૧૮ નું જોડાણ શ્રી બાઢડા કેળવણી મંડળ સંચાલિત શ્રી અજવાળીબેન વલ્લભભાઈ સવાણી સાયન્સ કોલેજ બાઢડા ના નામાંભીધાન આપવા કરેલ રજૂઆત પત્ર તા.૧૯-૧૨-૧૬ પર વિચારણા કરવા બાબત.

નોધ-
૧ ટ્રસ્ટે કોલેજના નવા નામાભિધાન માટે નિયત ફી ભરેલ છે.
૨ ટ્રસ્ટની અરજી તા.૧૯-૧૨-૧૬ થી ટ્રસ્ટે કરેલ ઠરાવ ની નકલ સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બાઢડા કેળવણી મંડળ સંચાલિત મણીબેન કરશનભાઈ સાવલીયા આર્ટસ કોલેજને બદલે શ્રી બાઢડા કેળવણી મંડળ સંચાલિત મણીબેન**

કરશનભાઈ સાવલીયા આર્ટસ કોલેજ અને શ્રી અજવાળીબેન વલ્લભભાઈ સવાણી સાયન્સ કોલેજ બાઢડા એમ નામાંભીધાન રાખવું અને રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી.

નોંધ   કોલેજ પત્ર તથા ઠારવ પરિશિષ્ટ "૨૯" તરીકે સામેલ છે.

૪૮ જોડાણ   શ્રી ધડુક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બાલાજી લો કોલેજ ગોમટા દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭માં આપેલ એલ.એલબીના અભ્યાસક્રમનું જોડાણ વર્ષ ૨૦૧૭-૧૮માં તબદીલ કરવા નવા જોડાણની કાઉન્સીલની મંજૂરી રજૂ કરવાની શરતે વર્ષ ૨૦૧૭-૧૮માં તબદીલ કરવામાં આવેલ જે અન્વયે કોલેજ દ્વારા તા.૦૯-૧૨-૧૬ના પત્ર અન્વયે એલ.એલબીના અભ્યાસક્રમનું જોડાણ વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે વર્ષ ૨૦૧૭-૧૮માં તબદીલ કરી અને એન.ઓ.સી.આપવાની રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહું કોલેજનું ઉપર્યુક્ત વિગતનું નવું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ નાં બદલે ૨૦૧૭-૧૮ માં મંજૂર કરવા માટે માન.રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજનું જોડાણ જે વર્ષમાં મંજૂર થયેલ હોય તે વર્ષ પછીના વર્ષમાં કોલેજ જોડાણ તબદીલ કરવા ઈચ્છતી હોય તો પ્રોસેસિંગ ફી રૂ.૫૦,૦૦૦/- ભરવાની રહેશે અને વધુમાં વધુ એક વર્ષ જોડાણ તબદીલ કરી શકાશે.

નોંધ:-   ઉપરોકત કોલેજનો પત્ર પરિશિષ્ટ "30" તરીકે સામેલ છે.

૪૯ જોડાણ   આચાર્યશ્રી, શ્રી એન.પી.વેકરીયા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી ગ્રેસ કોલેજ રાજકોટ તરફથી જુન-૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધીની આવેલ ચાલુ/વધારાના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત-

વિનયન વિધાશાખા :- (ચાલુ જોડાણ )

બી.જે.એમ.સી.પદવીના અભ્યાસક્રમ

બી.એ.(આઈ.ડી.) પદવીના અભ્યાસક્રમ

વાણિજય વિધાશાખા :- (ચાલુ જોડાણ )

બી.કોમ

ઇલેકટીવ ના એકાઉન્ટીંગ એન્ડ ફાઈનાન્સ,બિઝનેસ મેનેજમેન્ટ તથા કોમ્પ્યુટર સાયન્સ

મેનેજમેન્ટ વિધાશાખા:( ચાલુ જોડાણ )
બી.બી.એ. પદવીના અભ્યાસક્રમ
વિજ્ઞાન વિદ્યાશાખા: (ચાલુ જોડાણ )
બી.સી.એ. પદવીના અભ્યાસક્રમ
પી.જી.સી.એ. અભ્યાસક્રમ

કાયદા વિધાશાખા :-વધારાનું જોડાણ (વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ )
દ્વિતીય અને તૃતીય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ
એલ.એલબી. પદવીના અભ્યાસક્રમ : ચાલુ જોડાણ (વર્ષ ૨૦૧૯-૨૦)

નોધ - ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૪/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૬/૧૨/૧૬ ના રોજ મળેલ છે, ચાલુ/વધારાનું જોડાણ આપવા ભલામણ કરેલ છે.
૨ આચાર્ય ની નિમણુંક થયેલ નથી
૩ ટ્રસ્ટી એ ટ્રસ્ટને ૨૫ વર્ષના ભાડા કરારથી ભાડે આપેલ છે.
૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૨.૭૬ ચો.ફુટ દર્શાવેલ છે.
૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી ,શ્રી એન.પી.વેકરીયા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી ગ્રેસ કોલેજ રાજકોટ તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ ત્રણ વર્ષ માટે આવેલ ચાલુ /વધારાની જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/0૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને વિનયન વિધાશાખા, વાણિજય વિધાશાખા મેનેજમેન્ટ વિધાશાખા, વિજ્ઞાન વિદ્યાશાખા અને કાયદા વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/0૬/૨૦૨૦ સુધી ત્રણ વર્ષ માટે ચાલુ અને વધારા નું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ દ્વારા જરૂરી ત્રણ વર્ષની જોડાણ ફી ભરવાની રહેશે.

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૩૧" તરીકે સામેલ છે.

૫૦ આચાર્યશ્રી, સરદાર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જસદણ સંચાલિત ક્રિષ્ના લો કોલેજ-
જોડાણ જસદણ તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ (ત્રણ વર્ષ) માટે આવેલ વધારા/ચાલુના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત

જોડાણની વિગત -

કાયદા વિધાશાખા :- વધારાનું જોડાણ (વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ )

દ્રિતીય અને તૃતીય વર્ષ એલ.એલબી.ના અભ્યાસક્રમ

એલ.એલબી.પદવીના અભ્યાસક્રમ ચાલુ જોડાણ (વર્ષ ૨૦૧૯-૨૦ )

નોધ- ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૩/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૭/૧૨/૧૬ ના રોજ મળેલ છે,સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સંસ્થાની લો કોલેજમાં શાળા ચાલી રહી છે જેમાં બે લાયબ્રેરી તેમજ સ્વચ્છતાતેમજ કોમ્પ્યુટર વિગેરેની સુવિધાઓ ઉભીકરવા સુચન કરેલ છે.તેમજ સંસ્થા દ્વારા યુનીવર્સીટીનાં નિયમો મુજબ જરૂરિયાત ઉભી કરવાની રહશે તેવું સુચન કરી નું જોડાણ આપવા ભલામણ કરેલ છે

૨ આચાર્યની નિમણુંક થયેલ નથી.

૩ સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટીના નામ પર છે અને ટ્રસ્ટી એ ટ્રસ્ટને ૩૦ વર્ષ માટે ભાડા કરારથી ભાડે આપેલ છે.

૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૮.૦૦ ચો.ફુટ દર્શાવેલ છે.

૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે આચાર્યશ્રી ,સરદાર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જસદણ સંચાલિત ક્રિષ્ના લો કોલેજ-જસદણ તરફથી જુન-૨૦૧૭ થી ૨૦૧૯-૨૦ ત્રણ વર્ષ માટે આવેલ ચાલુ /વધારાની જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/0૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને કાયદા વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/0૬/૨૦૨૦ સુધી ત્રણ વર્ષ માટે ચાલુ અને વધારા નું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ દ્વારા જરૂરી ત્રણ વર્ષની જોડાણ ફી ભરવાની રહેશે.

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૩૨" તરીકે સામેલ છે.

૫૧ જોડાણ શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ અમરેલી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ થી નવી નર્સીંગ કોલેજ અમરેલી ખાતે શરૂ કરવા કરેલ અરજી પરત્વે સિન્ડીકેટ તા.૩૧-૧૨-૧૪ નાં ઠરાવ નં.૧૮ થી વર્ષ ૨૦૧૫-૧૬ નં નવું જોડાણ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની મંજુરીની અપેક્ષાએ આપવામાં આવેલ અને ટ્રસ્ટને વર્ષ ૨૦૫-૧૬ માટેનું એન.ઓ.સી.આપવામાં આવેલ ત્યાર બાદ કાઉન્સિલમાં અરજી કરવાની તારીખ પૂર્ણ થઈ ગયેલ હોય વર્ષ તબદીલ કરી ૨૦૧૬-૧૭ માટે એન.ઓ.સી. આપવા કરેલ વિનંતી અન્વયે સિન્ડીકેટ તા.૧૦-૧૨-૧૫ ના ઠરાવ નં.૮(૨૦૪)થી બી.એડ.તેમજ નર્સીંગ એમ એક વર્ષમાં બે અભ્યાસક્રમોનું જોડાણ થતું હોવાથી નર્સીંગ માટે વર્ષ તબદીલ કરવાની વિનંતી નામંજુર કરવામાં આવેલ.

નર્સીંગ કાઉન્સિલ દ્વારા ટ્રસ્ટને વર્ષ ૨૦૧૬-૧૭ થી બી.એસસી નર્સીંગની મંજૂરી આપવામાં આવેલ છે.ટ્રસ્ટની બી.એડ.ની વર્ષ ૨૦૧૫-૧૬ થી શરૂ કરવા માટેની અરજી સિન્ડીકેટ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી નવું જોડાણ મંજૂર કરવામાં આવેલ.

ટ્રસ્ટ દ્વારા બી.એડ.ના જોડાણની અરજી અન્વયે સિન્ડીકેટ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી નવું જોડાણ મંજૂર કરેલ હોય ટ્રસ્ટની તા.૧૦-૦૯-૧૬ ની નર્સીંગની મંજૂરી ધ્યાને લઇ કોલેજને નર્સીંગનું નવું જોડાણ વર્ષ ૨૦૧૬-૧૭ ને બદલે ૨૦૧૭-૧૮ મુજબ ગણવી તે અંગેની તા.૧૫-૦૯-૧૬ ની નોંધ પર માન.કુલપતિશ્રીના મળેલ આદેશાનુસાર વર્ષ બી.એસસી.નર્સીંગનું નવું જોડાણ કાઉન્સિલમાંથી વર્ષ તબદીલીની મંજૂરી રજૂ કરવાની શરતે નવું જોડાણ મંજૂર કરવું તેમજ એન.ઓ.સી.આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહું કોલેજનું ઉપર્યુક્ત વિગતનું નવું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ નાં બદલે ૨૦૧૭-૧૮ માં મંજૂર કરવા માટે માન.રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજનું જોડાણ જે વર્ષમાં મંજૂર થયેલ હોય તે વર્ષ પછીના વર્ષમાં કોલેજ જોડાણ તબદીલ કરવા ઈચ્છતી હોય તો પ્રોસેસિંગ ફી રૂ.૫૦,૦૦૦/- ભરવાની રહેશે અને વધુમાં વધુ એક વર્ષ જોડાણ તબદીલ કરી શકાશે.**

નોંધ શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ અમરેલી નો પત્ર પરિશિષ્ટ "૩૩" આ સાથે સામેલ છે.

૫૨ જોડાણ આચાર્યશ્રી, માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ મિતલ વાય.પટેલ મહિલા નર્સીંગ -રાજકોટ તરફથી જુન-૨૦૧૭ માટે આવેલ સંલગ્નમાં નવા અભ્યાસક્રમનાં જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત-

તબીબી વિધાશાખા :- (નવું જોડાણ)

પ્રથમ વર્ષ પોસ્ટ બેઝીક બી.એસસી નર્સીંગના અભ્યાસક્મ

નોધ - ૧ આચાર્યશ્રી, શિવ શક્તિ આશિષ ટ્રસ્ટ સુરેન્દ્રનગર સંચાલિત

૨ આચાર્યશ્રી, શિવ શક્તિ આશિષ ટ્રસ્ટ સુરેન્દ્રનગર સંચાલિત

3 આચાર્યશ્રી, શિવ શક્તિ આશિષ ટ્રસ્ટ સુરેન્દ્રનગર સંચાલિત

**આથી ઠરાવવામાં આવે છે આચાર્યશ્રી ,માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ મિતલ વાય.પટેલ મહિલા નર્સીંગ -રાજકોટ તરફથી જુન-૨૦૧૭ થી નવા જોડાણ માટેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.૩૦/૦૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો કાઉન્સિલમાં અરજી કરવા એન.ઓ.સો. આપવું સંસ્થાને તબીબી વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૧૮ સુધી એક વર્ષ માટે નવું જોડાણ આપવા તેમજ સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી**

**નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૩૪" તરીકે સામેલ છે.**

૫૩ જોડાણ આચાર્યશ્રી, શિવ શક્તિ આશિષ ટ્રસ્ટ સુરેન્દ્રનગર સંચાલિત-પંડિત નથુલાલજી વ્યાસ કોલેજ ઓફ સાયન્સ,મેનેજમેન્ટ,આઈ.ટી.એન્ડ કોમર્સ,સુરેન્દ્રનગર તરફથી જુન-૨૦૧૭ માટે આવેલ ચાલુ/વધારાના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત

જોડાણની વિગત-

વિજ્ઞાન વિધાશાખા :- (ચાલુ જોડાણ)

બી.એસસી મુખ્ય/ગૌણ

ફીઝીક્સ,કેમેસ્ટ્રી,બોટની,માઈક્રોબાયોલોજી,બાયોટેકનોલોજી,મેથેમેટિક્સ,બાયોકેમેસ્ટ્રી

તબીબી વિદ્યાશાખા :- (વધારાનું જોડાણ)
દ્વિતીય વર્ષ ફીઝીયોથેરાપી

નોધ - ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૩/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૭/૧૨/૧૬ ના રોજ મળેલ છે.ચાલુ/વધારાનું જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨ આચાર્યની નિમણુંક થયેલ નથી.

૩ સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટના નામ પર છે.

૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૧.૯ ચો.ફુટ દર્શાવેલ છે.

૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે આચાર્યશ્રી ,શિવ શક્તિ આશિષ ટ્રસ્ટ સુરેન્દ્રનગર સંચાલિત-પંડિત નથુલાલજી વ્યાસ કોલેજ ઓફ સાયન્સ,મેનેજમેન્ટ,આઈ.ટી.એન્ડ કોમર્સ,સુરેન્દ્રનગર તરફથી જુન-૨૦૧૭ થી ચાલુ/વાધારાનું જોડાણ માટેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/01/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને વિજ્ઞાન વિદ્યાશાખા અને તબીબી વિદ્યાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૧૮ સુધી એક વર્ષ માટે ચાલુ/વાધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૩૫" તરીકે સામેલ છે.

૫૪ જોડાણ સંચાલકશ્રી, ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અર્પિત નર્સીંગ કોલેજ-હડાળા તરફથી જુન-૨૦૧૭ માટે આવેલ નવા જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત-
તબીબી વિદ્યાશાખા (નવું જોડાણ) -:
પ્રથમ વર્ષ બી એસસી નર્સીંગના અભ્યાસક્રમ.

નોધ - ૧ સ્થાનિક તપાસ સમિતિના ત્રણ સભ્યશ્રીઓનો તા.૨૬/૧૧/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૮/૧૧/૧૬ ના રોજ મળેલ છે,નવું જોડાણ આપવા ભલામણ કરેલ છે .

૨ સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટના નામ પર છે.

3 ટ્રસ્ટ દ્વારા નર્સીંગ કોલેજ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૫-૧૨-૧૬ એન્સ્યાલીટી સર્ટીફીકેટ તેમજ ગુજરાત કાઉન્સીલ દ્વારા કોન્સેન્ટ લેટર તા.૧૫-૧૨-૧૬નો અત્રે રજૂ કરવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે સંચાલકશ્રી ,ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અર્પિત નર્સીંગ કોલેજ-હડાળા તરફથી જુન-૨૦૧૭ થી નવા જોડાણ માટેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.30/0૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો કાઉન્સિલમાં અરજી કરવા એન.ઓ.સો. આપવું સંસ્થાને તબીબી વિધાશાખા ના ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૧૮ સુધી એક વર્ષ માટે નવું જોડાણ આપવા તેમજ સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી**

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "3૬" તરીકે સામેલ છે.

૫૫ જોડાણ આચાર્યશ્રી, શ્રી કામદાર એજ્યુકેશન ટ્રસ્ટ રાજકોટ સંચાલિત-કામદાર કોલેજ ઓફ નર્સીંગ હરીપર પાળ તરફથી જુન-૨૦૧૭-૧૮ થી ૨૦૨૧-૨૨ સુધી (પાંચ વર્ષ) માટે આવેલ ચાલુ/વધારાના જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ પર એકેડમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત-

તબીબી વિધાશાખા :- (ચાલુ જોડાણ)
બેઝીક બી.એસસી નર્સીંગ પદવીના અભ્યાસક્રમ
પોસ્ટ બી.એસસી નર્સીંગ પદવીના અભ્યાસક્રમ
તબીબી વિધાશાખા:- (વધારાનું જોડાણ)
તૃતીય વર્ષ ફીઝીયોથેરાપી

નોધ - ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૬/૧૨/૧૬ નો અહેવાલ અત્રે તા.૨૭/૧૨/૧૬ ના રોજ મળેલ છે,ચાલુ/વધારાનું જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨ સંસ્થા પાસે કોલેજની જમીન ટ્રસ્ટીના નામ પર છે અને ટ્રસ્ટી એ ટ્રસ્ટને ૩૦ વર્ષનાં ભાડા કરારથી ભાડે આપેલ છે.

૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૨૬૩.૫૫ ચો.ફુટ દર્શાવેલ છે.

૫ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./સી.સી.ટીવી.કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે આચાર્યશ્રી ,શ્રી કામદાર એજ્યુકેશન ટ્રસ્ટ રાજકોટ સંચાલિત-કામદાર કોલેજ ઓફ નર્સીંગ હરીપર પાળ તરફથી જુન-૨૦૧૭-૧૮ થી ૨૦૨૧-૨૨ થી ચાલુ /વધારાનું જોડાણ માટેની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિ ના અહેવાલ ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલી ની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન તા.૩૦/૦૧/૨૦૧૭ સુધી માં સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને તબીબી વિધાશાખાનું ઉપર્યુકત વિગતે તા.૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૪/૦૬/૨૦૨૨ સુધી પાંચ વર્ષ માટે ચાલુ /વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ દ્વારા જરૂરી પાંચ વર્ષની જોડાણ ફી ભરવાની રહેશે.

નોંધ- સ્થાનિક તપાસ સમીતીનો અહેવાલ પરિશિષ્ટ "૩૭" તરીકે સામેલ છે.

૫૬ પ્રકાશન

પ્રકાશન વિભાગ દ્વારા આદેશાનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા આગામી સેનેટ કોન્વોકેશનમાં એનાયત કરવામાં આવનાર પદવી/ડિપ્લોમાંને લેમિનેશન કરવાના કામ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નિયત નમુનાનાં પત્રકમાં ભાવો મંગાવવામાં આવેલ હતાં.ઉપરોક્ત ટેન્ડર માટે નિયત સમય મર્યાદામાં આવેલ ટેન્ડર અંગેની પાર્ટીનાં નામ તેમજ પ્રાઈઝબીડ ખોલ્યાબાદનાં ભાવો નીચે મુજબ છે.

| ક્રમ | પાર્ટીનું નામ | પ્રતિ ૧,૦૦૦ નંગનો ભાવ |
|---|---|---|
| ૧ | દીપ પેપર માટ | ૩,૪૮૦/- |
| ૨ | ટેક સ્ક્રીન | ૫,૪૮૦/- |
| ૩ | જતીન લેમિનેશન | ૨,૮૫૦/- |

ઉપરોક્ત વિગતે ડિગ્રી સર્ટિફિકેટ લેમિનેશન કરવા માટે શ્રી જતીન લેમિનેશન-રાજકોટ પાર્ટીનાં ભાવ સૌથી ઓછા પ્રતિ એકહજાર નંગનાં રૂ! ૨,૮૫૦/- **L1** આવેલ છે.

ઉપરોક્ત ભાવે કામ કરાવતાં નીચે મુજબની વિગતે ખર્ચ થવાની શક્યતા છે.

| વિગત | ૧૦૦૦ નંગના ભાવ | નંગ | રકમ રૂ! |
|---|---|---|---|
| પ્રિ -પ્રિન્ટેડ ડિગ્રી સર્ટીફીકેટ લેમિનેશન કરવા માટે | ૨,૮૫૦/- | ૭૫,૦૦૦ | ૨,૧૩,૭૫૦/- |
| કુલ ખર્ચ રૂ! | | | ૨,૧૩,૭૫૦/- |

ઉપરોક્ત ભાવો તથા તે અન્વયે રકમ રૂ! ૨,૧૩,૭૫૦/- નો ખર્ચ "પરીક્ષા છાપકામ ખર્ચ" ખાતે ફાઈનાન્સ કમિટીની બહાલીની અપેક્ષાએ મુકીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત વિગતે ડિગ્રી પ્રમાણપત્ર લેમીનેશન કરવા માટે શ્રી જતિન લેમીનેશન રાજકોટ પાર્ટીનાં ભાવ રૂપિયા ૨૮૫૦/- પ્રતિ ૧૦૦૦ નંગ નાં સૌથી ઓછા આવેલ છે તે મંજૂર કરવા.**

૫૭ આઈ.ક્યું.એ.સી માન.ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત સમીટ, ગાંધીનગર ખાતે તા.૦૯/૦૧/૨૦૧૭ થી તા.૧૩/૦૧/૨૦૧૭ સુધી યોજાનાર છે. આ સમીટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિવિધ જેવી કે સ્ટોલ/ડિસ્પ્લે/ઇરેકશન, પ્રદર્શનનું ભાડું, પ્રચાર સામગ્રી/સાહિત્ય ઉત્પાદન અને પ્રિન્ટીંગ, પરિવહન ખર્ચા, ટી.એ./ડી.એ.,રહેણાંક ખર્ચ વગેરે જે કાંઈ વાસ્તવિક ખર્ચ થાય તે માટે મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વિગતે થનાર વાસ્તવિક ખર્ચ મંજૂર કરવો અને તે ખર્ચ વિકાસ ફંડમાંથી કરવો**

૫૮ હિસાબ ફાઈનાન્સ કમિટિની તા.૧૦/૧૨/૨૦૧૬ને શનિવારનાં રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ કમિટિની તા.૧૦/૧૨/૨૦૧૬ સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા. ૧૦/૧૨/૨૦૧૬નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૩૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૫૯ પી.જી.ટી.આર. U.G.C. (Minimum standards and procedure for award of M.Phil/Ph.D. Degree) regulation 2016 આવેલ છે. જેનો અમલ કરવા અર્થે સુધારેલા ઓર્ડીનન્સ મંજુર કરવાના થાય છે. જે એકેડેમિક કાઉન્શીલ બહાલીની અપેક્ષાએ મંજુર કરવા વિચરણ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે** U.G.C. (Minimum standards and procedure for award of M.Phil/Ph.D. Degree) regulation 2016 **આવેલ છે. જેનો અમલ કરવા અર્થે સુધારેલા ઓર્ડીનન્સ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ મંજૂર કરવા અને સેનેટને ભલામણ કરવી.**

**(નોંધ : સુધારેલા ઓર્ડીનન્સ પરિશિષ્ટ "૩૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૬૦ શા.શિ. સને ૨૦૧૬-૧૭ નાં વર્ષના યુવક મહોત્સવ માં અક્ષર આર્ટ સેન્ટર દ્વારા બેનરો તૈયાર કરાવવામાં આવેલ તેનો કુલ ખર્ચ રૂ.૧,૦૩,૬૬૦/- થયેલ જે માં.કુલપતિશ્રી સિન્ડીકેટ માં મુકવાના આદેશ આપેલ છે.

નોંધઃ- સને ૨૦૧૬-૧૭ નો યુવક મહોત્સવ તા.૧૮-૧૯-૨૦/૦૯/૨૦૧૬ નાં રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર યોજાયેલ. યુવક મહોત્સવ નાં પ્રોગ્રામ ની માહિતી દર્શાવતા બેનરો અક્ષર આર્ટ સેન્ટર માં તૈયાર કરાવવામાં આવેલ. જેના ૦૪ (ચાર બિલ ) નો કુલ ખર્ચ રૂ.૧,૦૩,૬૬૦/- થયેલ છે. જે માં.કુલપતિશ્રી એ સિન્ડીકેટ માં મુકવાના આદેશ આપેલ તે ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સને ૨૦૧૬-૧૭ નાં વર્ષના યુવક મહોત્સવ માં અક્ષર આર્ટ સેન્ટર દ્વારા બેનરો તૈયાર કરાવવામાં આવેલ જેનો કુલ ખર્ચ રૂ.૧,૦૩,૬૬૦/- મંજૂર કરવો.**

૬૧ મેહકમ-અ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે શૈક્ષણિક જગ્યાઓ ભરવા મંજુરી આપવા બાબતના રાજ્ય સરકારશ્રી નાં શિક્ષણ વિભાગના તા.૧૭/૦૯/૧૬ અને તા.૨૯/૧૧/૧૬ નાં ઠરાવની નોંધ લેવા બાબત.

નોંધઃ- રાજ્ય સરકારશ્રી નાં શિક્ષણ વિભાગના તા.૧૭/૦૯/૧૬ અને તા.૨૯/૧૧/૧૬ નાં ઠરાવો થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે ૦૧ પ્રોફેસર, ૦૪ એસોસિયેટ પ્રોફેસર, તથા ૦૩ આસીસ્ટન્ટ પ્રોફેસર એમ કુલ ૦૮ શૈક્ષણિક જગ્યાઓ તથા હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ સેન્ટર નાં આસીસ્ટન્ટ પ્રાફેસર ની ૦૧ જગ્યા શરતોને આધિન ભરવાની મંજુરી આપેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

મુક્ત ચર્ચા વિચારણા

૬૨ આથી ઠરાવવામાં આવે છે કે હવે પછીની સિન્ડિકેટ આગામી તા.૨૪/૦૨/૨૦૧૭ નાં રોજ બોલાવવી અને હવે પછીથી સિન્ડિકેટની સભા દર બે મહિને મહિનાના છેલ્લા શનિવારે યોજવી.

૬૩ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં નવા અભ્યાસક્રમો નાં જોડાણ માટે ગુણવત્તાનાં આધારે નિર્ણય કરી એલ.આઈ.સી. ની રચના કરવા અર્થે આગળની કાર્યવાહી કરવી.

૬૪ આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા છેલ્લા એક વર્ષ થી કેશ લેસ ટ્રાન્ઝેક્શન કરવામાં આવે છે અને અંદાજીત ૧,૪૫,૦૦૦ વિધાર્થીઓ દ્વારા ઓનલાઈન પેમેન્ટ કરવામાં આવેલ છે તેને બિરદાવતા સમગ્ર તંત્ર ને અને કુલપતિ શ્રી ને અભિનંદન પાઠવવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા ટી. એ. સિવાયના અન્ય પેમેન્ટ જેવા કે સીટીંગ એલાઉન્સ/માનદ વેતન/મહેનતાણા વગેરેમાં ૧૦% ટી.ડી.એસ. કપાત કરી પેમેન્ટ કરવું.

અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

નં.સિન્ડિકેટ/૭૯/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૩૦/૧૨/૨૦૧૬

કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

નકલ રવાના:--
૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.